
હરિઃૐ



# નિમિત્ત

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# નિમિત્ત

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪૬૪, ૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.



| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૨ | ૧૨૫૦ | ત્રીજી | ૨૦૦૮ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૪ | ૨૦૦૦ | ચોથી | ૨૦૧૬ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૪૪ + ૫૭ = ૧૦૧

❑ કિંમત : **રૂ. ૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨-૩-૧૯૭૨ના રોજ અમદાવાદ મુકામે જેઓના નવા નિવાસસ્થાનનું સ્વહસ્તે વાસ્તુપૂજન-હવન કરાવવાના શુભ દિને **'નિમિત્ત'**ના સદ્‌ગ્રંથની રચનાની પ્રારંભિક કડીઓથી શરૂઆત કરી હતી,

અને

પૂજ્ય શ્રીમોટાની જીવનવિકાસની ભાવનાને-તેઓશ્રીના અક્ષરદેહને સ્વજનોના વિશાળ વર્તુળમાં **'હરિભાવ'** માસિકપત્રના માધ્યમ દ્વારા વર્તુલિત રાખવામાં જેઓ સંકળાયેલ છે, એવા શ્રી પ્રભુદાસ જાની

તેમ જ

પૂજ્ય શ્રીમોટાને અતિપ્રિય એવા નામસ્મરણ-જપયજ્ઞના નાદને સ્વજનોમાં પ્રજ્વલિત રાખવામાં સક્રિય સહયોગી એવા શ્રી જયંતીભાઈ જાની,

એ બંધુબેલડીનાં માતાપિતા

**સ્વ. શાંતાબહેન ડાહ્યાભાઈ જાની**

અને

**સ્વ. ડાહ્યાભાઈ દામોદરદાસ જાનીને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'નિમિત્ત'**ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં, અમો ખૂબ ખૂબ આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૯-૭-૨૦૧૬ — **ટ્રસ્ટીમંડળ,**

ગુરુપૂર્ણિમા — **હરિઃૐ આશ્રમ, સુરત.**

**પ્રિય ભાઈશ્રી અનુપરામ ભટ્ટ**

**તથા**

**શ્રી ઈંદુકુમાર દેસાઈને સપ્રેમ**

# સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

તમે શા ઉભયે થૈને પ્રેર્યો છે લખવા મને !
'નિમિત્ત'ને યથાયોગ્યપણે વિસ્તારથી ખરે.

તમે જે ભાવના ધારી આવીને આશ્રમે ચહી,
ઊલટ ભરી ઉત્સુકતા સાંભળવા શી દાખવી !

'નિમિત્ત' આવડ્યું તેવું કૃપાથી લલકાર્યું છે,
શાસ્ત્રસંમતિ તેમાં શી કશું પણ ન જાણ્યું છે.

શું પ્રોત્સાહન પ્રેરીને બધી સરળતા દઈ,
ને સગવડ આપીને પ્રેરણા પ્રેરી દિલ શી !

ને પ્રકાશન કાજેની દિલ તત્પરતા તમે,
પૂર્ણ આનંદથી કેવી દાખવી છે ખરી હૃદે.

ખોડખાંપણ કે દોષ કાઢ્યો 'નિમિત્ત'માં ન છે,
ઉપકાર તમારો તે વાળી શકાય શી રીતે ?

તમે પ્રેરાવીને ભાવે 'નિમિત્ત'ને લખાવ્યું છે,
ધરું 'નિમિત્ત'ની પ્રેમે સમર્પણાંજલિ પદે.

સુરત — મોટા

તા. ૮-૩-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# કૃપાનુભવ

## (પ્રથમ આવૃત્તિ)

પરમ પૂજ્ય શ્રીમોટાએ અમારા ઘરને એમનાં પુનિત પગલાંથી પાવન કર્યું. તે પ્રસંગે 'નિમિત્ત' ઉપરના એમનાં લખાણના પ્રકાશનની અને વેચાણની જવાબદારી ભાવપૂર્વક મેં સ્વીકારી. તેને પરિણામે 'નિમિત્તે' શબ્દદેહ ધારણ કર્યો એને અમે સૌ કુટુંબીજનો અમારું અહોભાગ્ય સમજીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ 'નિમિત્ત'ની વિભાવના અપૂર્વ વિશદતાથી સ્પષ્ટ કરી સાધનામાર્ગમાં રહેલ તેનું માહાત્મ્ય સ્થાપિત કર્યું છે. પૂજ્યશ્રીએ એમની સમર્પણાંજલિમાં કહ્યું છે, 'શાસ્ત્રસંમતિ તેમાં શી કશું પણ ન જાણ્યું છે.' છતાં સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપક અને મારા પૂજ્ય વડીલ મિત્ર પ્રો. અનુપરામ ભટ્ટે એના ઉપર વિશદ ભૂમિકા તૈયાર કરી શાસ્ત્રનો આધાર આપવા પ્રયાસ કર્યો છે. મેં તો કોઈ શાસ્ત્રનું વાંચન કે પરિશીલન કર્યું નથી અને છતાં કેવો યોગ સાંપડે છે ! ભટ્ટ સાહેબ જેવા એક 'શાસ્ત્રના અધિષ્ઠાતા' અને બીજા મારા જેવા અશાસ્ત્રજ્ઞને સમર્પણાંજલિમાં સાથે બેસાડવા એ મારી દૃષ્ટિએ તો પૂજ્યશ્રીનો એક 'ખેલ' જ છે. તમામ દ્વંદ્વોનું જ્યાં શમન છે. એવા **અનુભવી**ના અનુભવમાં શાસ્ત્રીયતા અને અશાસ્ત્રીયતાનું દ્વંદ્વ પણ શમી જતું જ હોય છે, તેનું એ ઇંગિત તો નથી ?

મુરબ્બી ભટ્ટ સાહેબે પૂજ્યશ્રીના અનુભવબોલનું અર્થવિસ્તરણ કરવા સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. તેમ છતાં તેના રહસ્યનો તાગ પામવા વિશે તો તેઓ પણ સાશંક છે. આ સંદર્ભમાં મને યાદ આવે છે ભગવાન ઈસુના આ શબ્દો, 'તમે શાસ્ત્ર ફંફોસો છો, કારણ તમે એમ માનો છો કે એમાં તમારા માટે શાશ્વત જીવન રહેલું છે, પણ શાસ્ત્રો તો મારે પક્ષે સાક્ષી પૂરે છે. તેમ છતાં એ જીવન મેળવવા

માટે તમે મારી પાસે આવવા માગતા નથી.' (યોહાન ૫, ૧-૪૭ માંથી) આ કથન પૂજ્યશ્રીની બાબતમાં પણ કેટલું યથાર્થ છે ! આપણા પક્ષે એ કથનનો ઉત્તરાર્ધ સાચો ન નીવડો એ જ પ્રભુ પ્રત્યે મારી અભ્યર્થના.

પૂજ્યશ્રીની વાણીમાં શાસ્ત્રકારથી નોખો એવો પૂર્વજ્ઞાન અને **અનુભવ**ના અધિકારનો રણકો છે, મરમીના એ બોલ છે. કદાચ સાધક કે ભક્ત જ એને સાચી રીતે માણી શકે. પૂજ્યશ્રી એવા ભક્તનું હૃદય અમને અર્પે અને એમનાં ચરણકમળોમાં શરણ આપે એવી પ્રભુપ્રાર્થના.

આ સંપાદકીય પણ એક 'ખેલ' જ છે. પૂજ્યશ્રીના તાજેતરનાં લખાણોના સંપાદનના અનુભવી અને એમના પ્રત્યે અતિ શ્રદ્ધાળુ એવા મારા પ્રિય મિત્ર. પ્રા. રમેશભાઈ ભટ્ટે જ આ સંપાદન પાછળ સાચી જહેમત ઉઠાવી છે, એ બદલ હું એમનો અત્યંત ઋણી છું. સંપાદક તરીકે મારું નામ મુકાવી એમની જહેમતનું શ્રેય મને આપવાનું 'નિમિત્ત' પૂજ્યશ્રીએ ઊભું કર્યું છે, એ અંગે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની મીઠી મૂંઝવણ અનુભવું છું. એને પૂજ્યશ્રીનો એક સહેતુક 'ખેલ' જ માનું છું.

એમની સાથેના સંબંધમાં પૂજ્યશ્રી શિષ્યભાવથી વિશેષ મૈત્રીભાવને જ મહત્ત્વ આપે છે. મિત્રો એકબીજાની ત્રુટિઓ, ઊણપો સહન કરી લેતા હોય છે. આથી, એમના મતે એ સંબંધ સર્વ સંબંધમાં ઉત્તમ છે. પૂજ્યશ્રી તો ગુણદોષાદિ દ્વંદ્વોથી પણ પર છે. એટલે મૈત્રીસંબંધને નાતે આપણી જ ત્રુટિઓ એમને સહન કરવાની રહે છે. આથી, આપણી અનેક ઊણપોને સહન કરીને પૂજ્યશ્રી જે અપાર વહાલ વર્ષાવે છે, તેને પાત્ર બનવા આપણે સહુ સતત મથ્યા કરીએ. એમણે નિમિત્તમાં અપેક્ષા રાખી છે કે :-

'નિમિત્તો જો મળેલાં છો, પ્રવેશવા તમે મને
-તમારા દિલમાં દેજો.' પ્રાર્થના તમને જ તે.
હૈયે પ્રવેશવા કાજે સરળતા શી અર્પીને
-શો સહકાર સંપૂર્ણ આપ્યા કરો બધી રીતે !
તો જ નિમિત્તાનું યોગ્ય કર્તવ્ય તે થયા જશે,
શો અવરોધ તો પોતે પોતાને તે કર્યાં કરે !'

અને એ ઉપરાંત –

'નિમિત્તો જે મળેલાં છે, પ્રાર્થના તેમને જ કે
મારું ખૂન ભૂલેચૂકે જો જો તે કરતાં રખે !
તમારા હિતને માટે લખ્યું **આ** પ્રાર્થીને હૃદે.'

આ પંક્તિઓમાં આપેલી ચીમકી પ્રત્યે સદા સજાગ રહીએ એવું સામર્થ્ય પૂજ્યશ્રીના અનુગ્રહ દ્વારા પરમ કૃપાળુ પરમાત્મા પ્રગટાવો એવી ઉત્કટ અંતરેચ્છા.

પૂજ્યશ્રી પ્રત્યેના મારા ખેંચાણમાં નિમિત્ત બનેલી અને આવા સત્કાર્યમાં મારે માટે હંમેશની માર્ગદર્શક ગુરુ-શિષ્યની બેલડી-પૂજ્ય દત્તુદાદા (ગાંધી આશ્રમ, અમદાવાદ) અને મારા પ્રિય કલાકાર મિત્ર કાંતિભાઈ (શિલ્પકાર)-પ્રત્યેનું ઋણ તો કયા ભવે ચૂકવીશ ?

મારા અને ભટ્ટ સાહેબના મિત્ર પ્રા. રણધીરભાઈ ઉપાધ્યાયે મને સતત પ્રેરણા અને હૂંફ આપી પોરસ ચઢાવ્યો છે. એવા જ મારા બીજા સ્નેહી પ્રા. કવિ શ્રી હેમંત દેસાઈએ આ પ્રકાશનના કાર્યમાં સારી મદદ કરી છે. તેમણે પદ્યરચનાને જોઈ જઈને પ્રૂફવાચન અંગે સહાય અને સૂચનો કર્યાં તે મને ખૂબ ઉપયોગી નીવડ્યાં છે. કાંતિભાઈના અને મારા કલાકાર મિત્ર ખાંવગાંવ (વિદર્ભ) નિવાસી શ્રી ખોનાજીએ પૂજ્યશ્રી પ્રત્યેના એમના અતિ ભાવ અને પ્રેમને કારણે મુખપૃષ્ઠ ઉપરના બ્લોકની ડિઝાઇન તૈયાર કરી આપી છે. ઉપરાંત, કુમારી શાંતાબહેન ગોવિંદલાલ પટેલે 'પ્રસ્તાવના' અને

‘નિમિત્ત બોધ’ની નકલો કરવાનું શ્રમયુક્ત કાર્ય પ્રેમપૂર્વક કર્યું અને શ્રી હેમંત દેસાઈએ પોતાના કસબથી એનો સઘન સંક્ષેપ કરવાની મહેનત લીધી છે. આ બધા માટે એ સૌ સ્વજન મિત્રોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અંતમાં પૂજ્યશ્રી પ્રત્યે અપ્રગટ અને મૂક અનુરાગ ધરાવનાર પ્રિય કલાએ, મારી સહધર્મચારિણી હોવાને ‘નિમિત્તે’ આ કાર્યમાં મને આદિથી અંત સુધી એકધારાં પ્રેરણા અને સાથ આપ્યાં છે, તેને માટે ઔચિત્યભંગનો દોષ વહોરીને પણ સંતોષની લાગણી વ્યક્ત કરતો વિરમું છું.

**ઈંદુકુમાર દેસાઈ**

‘દક્ષિણા’
૧૦, શારદા સોસાયટી, અમદાવાદ-૭
તા. ૧૫-૪-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# પ્રવેશક

## (પ્રથમ આવૃત્તિ)

**સંતસમાગમ**

પૂર્વનું કોઈ **નિમિત્ત** જાગ્યા વિના સંતસમાગમ થતો નથી. અને કદાચ એવો સમાગમ થાય તોપણ પરમેશ્વરના અનુગ્રહ વિના સંત પુરુષનો આશ્રય તેમ તેની સાથેનો સંબંધ સંભવતો નથી. મનુષ્યજન્મ, મુમુક્ષા અને મહાપુરુષનો આશ્રય-એ ત્રણ અત્યંત દુર્લભ છે અને પરમાત્માની કૃપાથી તે પ્રાપ્ત થાય છે એમ શ્રીશંકરાચાર્ય તેમના 'વિવેકચૂડામણિ'માં જણાવે છે. અનેક જન્માંતરે જીવાત્માના પ્રસ્તુત જીવનમાં, પૂર્વપુરુષાર્થને કારણે કોઈ એવું નિમિત્ત અથવા નિમિત્તો પ્રગટે છે ત્યારે તે કોઈ જીવન્મુક્ત પુરુષના સંસર્ગમાં આવે છે. મારા જીવનમાં પણ એવું નિમિત્ત, પ્રારબ્ધ જાગી ઊઠતાં પરમ પૂજ્ય શ્રીમોટાના સમાગમમાં આવવાનું થયું. આંતરબળ અને શ્રદ્ધાવૃદ્ધિ અર્થે મારા ચાલુ વાંચન દરમિયાન પૂજ્યશ્રીનાં પુસ્તકો વાંચવામાં આવતાં, તેઓશ્રી પ્રત્યે સ્વાભાવિક આકર્ષણ થવા લાગ્યું. તેમને મળવાના પ્રસંગો પ્રાપ્ત થતાં જિજ્ઞાસુભાવે તેમને પ્રશ્નો પૂછવાની મને પ્રેરણા થતી. ભગવદ્‌ગીતા, ઉપનિષદો અને વિવિધ દર્શનશાસ્ત્રોમાંથી સ્વાભાવિક રીતે ઉદ્‌ભવતા અને મૂંઝવતા એ પ્રશ્નો હતા. પ્રશ્નોના સમાધાન માટે તલસતું મન અનુભવી પુરુષનો સંસર્ગ ઝંખતું. પૂજ્ય શ્રીમોટાને વારંવાર મળવાનું થતાં કેટલાય જટિલ અને ગહન પ્રશ્નોનું નિરાકરણ, તેમની સ્વાનુભૂતિના ઊંડાણમાંથી પ્રગટેલી વાણી દ્વારા થવા લાગ્યું. સંદેહોનું શમન થતાં આનંદ અનુભવતાં તેઓશ્રીને મળવાનું આકર્ષણ વધતું ગયું.

## ‘નિમિત્ત’નું નિમિત્ત

તાજેતરમાં જ મારા પ્રાધ્યાપક મિત્ર શ્રી ઇંદુભાઈ દેસાઈને ત્યાં પૂજ્યશ્રીની પધરામણી થઈ હતી, તે દરમિયાન તેઓશ્રી સાથેના સંસર્ગમાં કલાકો સુધી અધ્યાત્મ વિષયક તાત્ત્વિક ચર્ચા થવા પામી હતી. આ ચર્ચા દરમિયાન પ્રસંગોપાત્ત પૂજ્યશ્રીને એવી વિનંતી કરવામાં આવી કે તેઓશ્રીએ જેમ ‘જિજ્ઞાસા’ અને ‘શ્રદ્ધા’ ઉપર પુસ્તકો લખ્યાં છે તેમ, તેમના વક્તવ્યમાં જેનો અવારનવાર ઉલ્લેખ થાય છે, તે નિમિત્તના વિજ્ઞાન વિશે પોતે વિસ્તારપૂર્વક લખે તો જિજ્ઞાસુઓને ઘણો લાભ થાય. અમારી વિનંતી તેઓશ્રીએ સ્વીકારી. તેઓશ્રીને અત્યંત ગૂઢ અને રહસ્યમય નિમિત્ત-વિજ્ઞાન વિશે અનુષ્ટુપ છંદમાં અનાયાસે સ્ફુરણ થતાં **‘નિમિત્ત’**ની આ કૃતિ પ્રગટી છે. આ ‘નિમિત્ત’ અસાધારણ કોટિના અનુભવી અને મરમી સંતની સ્વાનુભૂતિમાંથી ઉદય પામેલું સર્જન છે. પ્રગટ થયેલી આ કૃતિ તો અતિસૂક્ષ્મ નિમિત્ત-મહાવિજ્ઞાનનું એક બિંદુ જ છે. તેઓશ્રીના જ શબ્દોમાં કહીએ તો –

‘નિમિત્ત બિંદુ આ માત્ર નિમિત્તે જે લખાયેલું,
નિમિત્ત-ભાવથી એને સમર્પું જે નિમિત્તનું.’

## ‘નિમિત્ત’ વિશે પૂજ્ય શ્રીમોટા

નિમિત્તની અનોખી સર્જનપ્રક્રિયા વિશે પૂજ્ય શ્રીમોટા જણાવે છે કે :–

‘વિચારી વિચારીને મેં લખ્યું ના નિમિત્તને,
એકધારું સપાટે જે લખાયા ગયું છે ખરે.’

મુક્તાત્માની વૃત્તિશૂન્ય અવસ્થામાં સંક્ષોભ સર્જાતાં આવા મહાવિજ્ઞાનનું સહસા સ્ફુરણ થતું હોય છે. નિમિત્તને ઉદ્દેશીને તેઓશ્રી કહે છે :–

'એકડેએક **આ** માત્ર સાવ તે માત્ર મીંડું છે,
મીંડાને સમજે જે કો **આ**ને સમજશે હૃદે.'

આ પૂજ્ય શ્રીમોટાની નમ્રોક્તિ છે, પરંતુ એ સ્મરણમાં રાખવું જોઈએ કે મીંડામાંથી એકડાનું અવતરણ થાય છે, શૂન્યમાંથી એકડાનું સર્જન થાય છે. જે મીંડાને સમજે છે તેને એકડો સમજાય છે. વૃત્તિશૂન્ય અવસ્થામાં અવ્યક્ત સ્વરૂપે સર્જનનું બીજ રહ્યું છે. જે શૂન્યને સમજશે, પોતે શૂન્ય બનશે-પોતે સમજે છે એવા અહંભાવને ત્યજી ખાલી થઈ જશે તે આ વિજ્ઞાનને સમજશે.

આ વિજ્ઞાનના અવતરણ વિશે પૂજ્યશ્રીએ નીચેના શ્લોકોમાં યથાર્થ જ કહ્યું છે કે :—

'નિમિત્તકારણે જે તે વ્યક્ત થયા જતું બધું,
લાગુ પડતું **આ** સત્ય સર્વને સરખું નર્યું.
કારણ ભૂમિકાકેરું નિરાકાર નિમિત્ત જે,
અશક્યને કળાવાને શું સૂક્ષ્માતીત બીજ તે.
શૂન્યાવકાશ ભૂમિકા શૂન્યાકાર અખંડ જે,
**જીવતાં જીવતાં** શૂન્યે નીચે અવતરે પછે.
શૂન્યમાંથી જ લાવેલું, શૂન્યે અનુભવેલ જે,
નિમિત્તકારણે માત્ર મેળે વ્યક્ત થયા કરે.'

અનુભવી શૂન્યાવકાશ-આકાશતત્ત્વરૂપી અખંડ શૂન્યાકાર અવસ્થાને, નિઃસંકલ્પ અવસ્થાને, અમનીભાવની અવસ્થાને પામેલો હોય છે. તેવી શૂન્યાવસ્થામાંથી અલૌકિક જ્ઞાનનું અવતરણ થતું હોય છે. આવું અલૌકિક જ્ઞાન, જે પ્રથમ અવ્યાકૃત અવસ્થામાં હોય છે, તેનું કોઈ નિમિત્તકારણ પ્રાપ્ત થતાં વાણીસ્વરૂપે વ્યાકરણ થાય છે-અવતરણ થાય છે. આ 'નિમિત્ત'-વિજ્ઞાન અનુભવીની એવી જ અનુભૂતિમાંથી વ્યક્ત થવા પામ્યું છે.

## 'નિમિત્ત'-વિષયસંક્ષેપ

'નિમિત્ત'માં પ્રતિપાદિત વિષયને સંક્ષેપમાં રજૂ કરવો સહેલ નથી. આમ છતાં તેમાં ઓછા પ્રયાસે પ્રવેશ થાય એ દૃષ્ટિએ ટૂંકામાં તેના મુખ્ય મુદ્દાઓ અત્રે દર્શાવું છું.

નિમિત્ત એ પૂર્વે કરેલાં કર્મોના સંસ્કારનું પરિણામ છે. સંસ્કારો નિમિત્તનું બીજ છે. કર્મસંસ્કારોથી જાગતા નિમિત્તને કારણે આ જગતમાં વ્યક્તિઓનું પરસ્પર સંકળાવાનું થાય છે. કોઈ વ્યક્તિનો સંબંધ અનુકૂળ જણાતાં તેના પ્રત્યે રાગ જન્મે છે, તેમ પ્રતિકૂળ જણાતાં દ્વેષ જન્મે છે. વ્યક્તિસંબંધોમાં રાગદ્વેષનાં નિમિત્ત ઊભાં થતાં સંસારી જીવો તેના પ્રતિભાવથી વર્તી તેમાં ભેરવાય છે, રાગદ્વેષ વગેરેથી લેપાય છે. આથી, બીજાં એવાં અનંત રાગદ્વેષનાં નિમિત્ત જન્મે છે, જે અસંખ્ય જન્મોનાં કારણ બને છે. આમ, સંસારી જીવોનો ભવપ્રવાહ ચાલ્યા કરે છે, પરંતુ જે શ્રેયાર્થી જીવ છે તે રાગનું નિમિત્ત પ્રાપ્ત થતાં રાગભર્યું અને દ્વેષનું નિમિત્ત પ્રાપ્ત થતાં દ્વેષભર્યું વર્તન કરતો નથી. તે તો આવાં નિમિત્તોના મૂળમાં પોતાની પ્રકૃતિ જ રહેલી છે એમ સમજી એ નિમિત્તોમાં ભેરવાઈ ન જતાં અનાસક્ત ભાવે વર્તે છે. સંસારમાં આપમેળે પ્રાપ્ત થતું કર્મ પણ નિમિત્ત છે. શ્રેયાર્થી તેવા કર્મને નિષ્કામપણે યજ્ઞભાવથી આચરે છે. સંસારી જીવ તેવા જ કર્મનું આચરણ સકામભાવે કરી બંધનમાં પડે છે. સંસારી તેને પ્રાપ્ત થતાં નિમિત્તોમાં અન્યના દોષ જુએ છે. શ્રેયાર્થી તેમ થવામાં પોતાનો દોષ જુએ છે અને આત્મનિરીક્ષણ (Introspection) કરવા પ્રેરાય છે. સંસારી પ્રાપ્ત નિમિત્તોનો આસક્તિથી ઉપભોગ કરી નવાં નિમિત્તો ઊભાં કર્યે જ જાય છે, શ્રેયાર્થી આત્મકલ્યાણના ભાવથી પ્રેરાઈ તે નિમિત્તનો, પોતાની પ્રકૃતિનું (સ્વભાવનું) દર્શન કરી તેને મઠારવામાં, ઉપયોગ કરે છે. શ્રેયાર્થીના આવા અનાસક્ત વર્તનથી તેની પ્રકૃતિનું ઊર્ધ્વીકરણ

(Sublimation) થતું જાય છે. પ્રાપ્ત નિમિત્તને તે આત્મકલ્યાણનો ભાવ પ્રેરવાનું સાધન માને છે. કામ, ક્રોધ વગેરે નિમિત્તો સાથે સંગ્રામ ખેલતાં શ્રેયાર્થી પરાજય પણ પામે છે. પરંતુ તે પાછો જાગ્રત અને સચેત થઈ યુદ્ધ ખેલે છે. આગળ વધતાં તેને સૂક્ષ્મ સંગ્રામો પણ ખેલવાના આવે છે. તેના જીવનમાં ઉગ્ર દૈવાસુર સંગ્રામો ઉપસ્થિત થતાં તે ભારે મથામણ અનુભવે છે. એવી પરિસ્થિતિ રચાય છે, જ્યારે તેને સર્વત્ર નિરાશાનો અંધકાર વ્યાપેલો જણાય છે. જેને જીવની નિબિડ અંધકારમય રાત્રી (Dark Night of the Soul) કહે છે, તેના જેવો તેને અનુભવ થતાં માર્ગમાં તે અટવાય છે. આવા પ્રસંગે હારી ન જતાં તે ભગવાનને આર્તનાદે પોકારે છે, અને ભગવત્કૃપાથી કપરામાં કપરી સ્થિતિ હળવી થતી અનુભવે છે. નિમિત્તો સાથેના દારુણ અને વિકટ સંગ્રામમાં ઝઝૂમતાં ઝઝૂમતાં, ભારે મથામણને અંતે ધૂંધળો પ્રકાશ પામી તે આત્મ-કલ્યાણના માર્ગમાં આગળ વધે છે અને છેવટે સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી, પ્રકૃતિના બંધનમાંથી છૂટી જઈ આત્મશ્રેયનું પોતાનું ધ્યેય હાંસલ કરે છે.

જે અનુભવી (જીવન્મુક્ત) પુરુષ છે, તે જીવોને આત્મકલ્યાણનું ધ્યેય પ્રાપ્ત કરાવવામાં, હરિ પ્રત્યે અભિમુખ કરવામાં, ભગવાનનું નિમિત્તમાત્ર એટલે કે સાધન અથવા હથિયાર બને છે. એવો પુરુષ ત્રિગુણાતીત અને આપ્તકામ હોય છે,-તેને પોતાને માટે કશું જ મેળવવાનું હોતું નથી. તે સક્રિય હોય તેમ જણાય છે, પરંતુ વસ્તુતઃ તે અ-ક્રિય હોય છે. તે તો કેવળ જીવોને હરિ પ્રત્યે અભિમુખ કરવાની ઈશ્વરેચ્છાનું ‘સાધનમાત્ર’ (Instrument) બને છે. જીવોનું કલ્યાણ થવા રૂપી ઈશ્વરેચ્છા આવા મુક્તાત્મા દ્વારા વહ્યા કરે છે. એટલે કે પ્રભુની આવા પ્રકારની ઇચ્છાને વહેવાની તે પરનાળ (Channel) બને છે. હરિનું નિમિત્તમાત્ર બનેલા અનુભવીને

પોતાના વર્તનમાં-લોકમાં પ્રવર્તતાં અને સ્વીકારેલાં-કોઈ ધારાધોરણ હોતાં નથી, પરંતુ શ્રેયાર્થીને નીતિ-અનીતિ વગેરેનાં ધારાધોરણ અનુસાર વિવેકયુક્ત અને મર્યાદાશીલ વર્તન કરવારૂપી બંધન હોય છે.

નિમિત્તના વિષયનો આ સંક્ષિપ્ત સાર છે. એ વિષયના વિશેષ જિજ્ઞાસુઓ માટે એનું સવિસ્તર વિવરણ હવે જોઈશું.

# નિમિત્તબોધ

## નિમિત્તસ્વરૂપ

આ જગતમાં મનુષ્યોને એકબીજા સાથે જે સંકળાવાનું થાય છે, તેમાં નિમિત્ત જ ભાગ ભજવતું હોય છે. નિમિત્તરૂપી કોઈ અજ્ઞાત તત્ત્વ જાણે કે જીવોને પરસ્પર જોડે છે. 'કોઈ આંતર હેતુ પદાર્થોને એકબીજાના સંબંધમાં લાવે છે' (व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतुः।) એ 'ઉત્તરરામચરિત'ની પ્રસિદ્ધ પંક્તિમાં ભવભૂતિ આ વિશે મહત્ત્વપૂર્ણ સંકેત કરે છે.

મનુષ્યો જે શુભાશુભ કર્મ કરે છે, તેના શુભાશુભ સંસ્કારો ચિત્તમાં પડ્યા કરે છે. આ સંસ્કારોમાંથી અનેક પ્રકારનાં નિમિત્તો જન્મ છે, જે મનુષ્યોને એકબીજાના સંબંધમાં લાવે છે. જેની સાથેનો સંબંધ અનુકૂળ લાગે તેની સાથે રાગપૂર્વક અને જેથી સાથેનો સંબંધ પ્રતિકૂળ લાગે તેની સાથે દ્વેષપૂર્વક વર્તન કરવાનું સંસારી જીવનું સ્વાભાવિક વલણ થાય છે. આમ, સંબંધમાં આવતા જીવો પણ સંસારી જીવોને માટે રાગદ્વેષનાં નિમિત્ત બને છે, પરંતુ શ્રેયાર્થી જીવો માટે તો તેઓ અનાસક્ત વર્તન દ્વારા પોતાના સ્વભાવનાં દર્શન માટે નિમિત્ત બને છે, અને અનુભવીને (આત્મજ્ઞાનીને) માટે તેવા જીવો ભગવાન પ્રત્યે જીવોને અભિમુખ થવાનો ભગવાનનો હેતુ ફળાવવામાં નિમિત્ત બને છે. આ રીતે સંબંધમાં આવતા જીવોને પણ નિમિત્ત ગણવામાં આવે છે.

આ ઉપરાંત, પૂર્વકર્મોના સંસ્કારોમાંથી અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિ કે સંજોગો અને ઇષ્ટ તેમ જ અનિષ્ટ વિષયોની પ્રાપ્તિ-રૂપી નિમિત્તો પણ જન્મે છે. સંસારમાં પ્રાપ્ત થયેલ સ્વજનો, કર્મો, પરિસ્થિતિઓ કે શબ્દ-સ્પર્શાદિક વિષયો સુખ કે દુઃખનાં નિમિત્ત બને છે. આવાં નિમિત્તો લાંબા કે ટૂંકા સમયગાળાનાં હોય છે. પુત્ર, પત્ની, સ્ત્રી, ભાઈ, મિત્ર વગેરેમાંનું કોઈ પણ સ્વજનરૂપી નિમિત્ત લાંબા સમય સુધી સુખનું કે દુઃખનું કારણ બને છે. પોતાની પ્રગતિમાં અંતરાયરૂપ થતાં તથા અસહ્ય દુઃખ આપતાં સ્વજનો પ્રત્યે નફરત કે દ્વેષની લાગણી ઉત્પન્ન થાય છે. આથી, વિપરીત, પોતાને અનુકૂળ થતાં કે સુખ આપતાં સ્વજનો પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે. આમ, સાંસારિક જીવોને અનુકૂળ પરિસ્થિતિ કે સંજોગોનાં નિમિત્તોમાં ગમો અને પ્રતિકૂળ નિમિત્તોમાં અણગમો પેદા થાય છે.

મન, બુદ્ધિ, પ્રાણ, અહંકાર, ચિત્ત અને ઇંદ્રિયો સમગ્રપણે જે કર્મ કરે છે, તેના સંસ્કારોની સમગ્રતામાંથી અનેક પ્રકારનાં જુદાં જુદાં નિમિત્તો જન્મે છે. આવા અનંત પ્રકારના સંસ્કારોમાંથી અનંત પ્રકારનાં નિમિત્તો જન્મે છે. અનુરાગના સંસ્કારો વ્યક્તિઓમાં પરસ્પર આકર્ષણ ઉત્પન્ન કરે છે, પરંતુ દ્વેષ, ઈર્ષ્યા, તિરસ્કાર, વેર વગેરેના સંસ્કારો મનુષ્યોમાં હિંસા, વિગ્રહ, કુસંપ વગેરે અનિષ્ટ પરિણામોનો ઉદય કરે છે.

## નિમિત્ત અને સંસારી

નરી સંસારી પ્રકૃતિના જીવો રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર વગેરે નિમિત્તો પ્રાપ્ત થતાં તેમાં રાચે છે, આસક્ત થાય છે અને સંડોવાય છે. નિમિત્ત અનુસાર વૃત્તિઓ જન્મવાથી તે નિમિત્તોના ઊંડા સંસ્કારો તેમના ચિત્ત ઉપર પડે છે. આ રીતે કામક્રોધાદિના અસંખ્ય પુટથી તેમનું ચિત્ત રંગાતું જાય છે, જે નવાં નવાં નિમિત્તો જન્માવે છે. આવાં અપાર નિમિત્તો સંસારમાં નિમગ્ન રાખનારાં હોઈ સંસારી જીવો ભવબંધનમાં વધારે ને વધારે જકડાતા

જાય છે. અવિવેકી સંસારી જીવો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે પૂર્વકર્મના ફળસ્વરૂપે પ્રાપ્ત થતા વિષયોને આસક્તિપૂર્વક ભોગવે છે. આથી, વિષયભોગના નવા નવા અસંખ્ય સંસ્કારો તેમના ઉપર પડે છે અને તે સંસારમાં ડુબાડનારાં નવાં નવાં નિમિત્તો ઉત્પન્ન કર્યા જ કરે છે. મળેલાં નિમિત્તોમાંથી સંસ્કારો જન્મે છે. સંસ્કારો નિમિત્તો જન્માવે છે. આવી પરસ્પર કાર્યકારણની અનંત પરંપરા ચાલ્યા જ કરે છે, અને સાગરમાં તણાતાં લાકડાંની પેઠે નરી સંસારી પ્રકૃતિના જીવો સંસૃતિના પ્રવાહમાં તણાયે જાય છે. 'ઉપદેશસાહસ્ત્રી'માં જણાવ્યું છે કે :–

'कर्माणि देहयोगार्थं देहयोगे प्रियाप्रिये ।
ध्रुवे स्यातां ततो रागो द्वेषश्चैव ततः क्रियाः ॥
धर्माधर्मौ ततोऽज्ञस्य देहयोगस्तथा पुनः ।
एवं नित्यप्रवृत्तोऽयं संसारश्चक्रवद् भृशम् ॥'

'કર્મોથી દેહયોગ એટલે જન્મ થાય છે, દેહસંબંધથી સુખદુઃખ જન્મે છે, સુખદુઃખ રાગદ્વેષ ઉત્પન્ન કરે છે, રાગદ્વેષ વળી વિવિધ કર્મો કરાવે છે, કર્મોમાંથી ધર્મ અને અધર્મ પેદા થાય છે અને તે ફરીથી જન્મ લેવાનું કારણ બને છે. આમ, ભવચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે.'

સંસારી જીવોમાં મળેલાં નિમિત્તોના રહસ્યનું નર્યું અજ્ઞાન પ્રવર્તતું હોય છે. તેમને માટે મળેલાં નિમિત્ત વજ્ર જેવાં સજ્જડ બની જાય છે. તેઓ રાગદ્વેષાદિ નિમિત્તોને અધીન થઈ, તે તે નિમિત્તોનાં વલણ પ્રમાણે વર્તીને નિમિત્તમય બની જાય છે. 'કઠોપનિષદ'માં યોગ્ય જ કહ્યું છે કે :–

'पराचः कामाननुयन्ति बालास्ते मृत्योर्यन्ति विततस्य पाशम् ।
अथ धीरा अमृतत्वं विदित्वा ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥'

'અલ્પ બુદ્ધિવાળા સંસારી જીવો બાહ્ય વિષયોમાં આસક્ત થાય છે અને તેઓ સર્વત્ર ફેલાયેલા મૃત્યુના પાશમાં સપડાઈ જાય છે, પરંતુ ધીર (વિવેકી) પુરુષો અચળ અમરભાવને જાણીને અનિત્ય સાંસારિક પદાર્થોની કામના કરતા નથી.'

રાગદ્વેષાદિનાં જે નિમિત્તો જીવનમાં આવે છે, તેમાં સંસારી જીવો બીજાના દોષ નીરખે છે. પોતાને તેમાં કશું જ લાગતું વળગતું નથી તેમ માની તેઓ વર્તન કરે છે. આવાં નિમિત્તોથી અન્ય જીવો સાથે સંકળાવામાં પોતાની પ્રકૃતિ જવાબદાર છે, એવું એમને જ્ઞાન હોતું નથી. આવા અજ્ઞાની જીવોની દશા પૂજ્ય શ્રીમોટાએ આ રીતે વર્ણવી છે :–

'એવાનાં કોઈ નિમિત્તતણો પાર ન આવશે,
અનંતાનંત સંસારે માયામાં તે રમ્યો જશે.'

○ ○ ○

'પૂરનાં વ્હેણમાં જેમ લાકડું કો તણાય છે !
એવી રીતે જ સંસારી નિમિત્તથી તણાય છે.
જેવા પડેલ સંસ્કાર, જે પરાપૂર્વના મને,
એવાં નિમિત્તમાં ડૂબી પોતે તણાઈ જાય છે.'

### નિમિત્ત અને શ્રેયાર્થી

પ્રાપ્ત થતાં નિમિત્તોમાં સંસારી જીવ ભેરવાઈ જાય છે, પરંતુ શ્રેયાર્થી તેમાં સંડોવાઈ ન જતાં, તેનાથી અળગો રહે છે અને પોતાની પ્રકૃતિનું ઊર્ધ્વીકરણ કરવા સતત મથામણ કર્યા કરે છે. નચિકેતા, મૈત્રેયી જેવા આત્મપ્રાપ્તિની અદમ્ય ઉત્સુકતાવાળા શ્રેયસ્કામ મુમુક્ષુ જીવોનાં ઉદાહરણો ઉપનિષદોમાં મળે છે. યમે આપવા માંડેલાં દ્રવ્ય, વાહનો, સુંદર સ્ત્રીઓ વગેરેનો અસ્વીકાર કરી નચિકેતા પરમાત્મારૂપી પરમ તત્ત્વનું જ્ઞાન જ માગે છે. તે કહે છે, 'મનુષ્યને દ્રવ્યથી સાચી તૃપ્તિ થતી નથી.' ('न वित्तेन तर्पणीयो मनुष्यः ।')

મૈત્રેયી પણ યાજ્ઞવલ્ક્યે આપેલા ધનને ન સ્વીકારતાં કહે છે, 'જેનાથી અમર ન થાઉં તેને હું શું કરું ?' ('येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम् ।') નિમિત્તના પ્રવાહમાંથી છૂટી જવાનું સંસારી જીવનું જરા પણ ગજું નથી, પરંતુ શ્રેયાર્થીનું તેવું નથી. શ્રેયાર્થી નિમિત્તો પ્રાપ્ત થતાં તેમનાથી તટસ્થ રહી, અનાસક્તપણે વર્તન કરવાનો ભગીરથ પુરુષાર્થ કરી સંગ્રામ ખેલે છે. નિમિત્તોનાં મૂળમાં રહેલી પ્રકૃતિના બંધનમાં પડી રહેવા શ્રેયાર્થી જરા પણ ઈચ્છતો નથી. સ્વભાવ (પ્રકૃતિ) ઉપર વિજય પ્રાપ્ત થવાનો માર્ગ શ્રીમદ્-ભગવદ્ગીતામાં આ રીતે વર્ણવાયો છે :—

'इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वैषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥'

'દરેક ઇંદ્રિયને પોતપોતાના વિષય પ્રત્યે (મનુષ્યની પ્રકૃતિ અનુસાર) રાગ અને દ્વેષ ગોઠવાયેલા છે. તેમને વશ ન થવું જોઈએ. રાગ અને દ્વેષ આત્મકલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ છે.' આ ઉપરાંત, ગીતામાં દર્શાવ્યું છે કે પોતાનું મન જેના અંકુશમાં છે એવો મનુષ્ય પ્રાપ્ત વિષયોને રાગદ્વેષરહિત અને પોતાને વશ એવી ઇંદ્રિયો દ્વારા ભોગવે છે, તો તેનો ચિત્તરૂપી અરીસો (રાગદ્વેષરૂપી મળનો નાશ થવાથી) સ્વચ્છ બની જાય છે. આ રીતે તે પોતાના સ્વભાવ ઉપર વિજય મેળવે છે.

શ્રેયાર્થી તેને જે નિમિત્તો પ્રાપ્ત થાય છે, તેમાં પોતાને જ કારણભૂત માને છે. આવાં નિમિત્તોનો સંબંધ તેને પ્રાપ્ત થયો તેમાં તે પોતાનો દોષ જુએ છે. સંસારી નિમિત્તોમાં આસક્ત થઈ, તરબોળ થઈ તેમાં રાચે છે, પરંતુ શ્રેયાર્થી આત્મકલ્યાણનો ભાવ હૃદયમાં ધારીને નિમિત્તોથી મુક્ત થવા ખૂબ મથતો મથતો એવી જીવનશક્તિ પ્રાપ્ત કરે છે, જેથી અંતે તેનાં નિમિત્તોનો પાર આવી જાય છે. આમ, નિમિત્તોના મૂળમાં રહેલી પ્રકૃતિની પકડમાંથી તે છૂટી જાય છે.

સંસારીને શ્રેયાર્થી જેવું કશું જ ભાન હોતું નથી. આથી, તે નિમિત્તોના કળણમાં ઊંડે ને ઊંડે ગરકાવ થતો જાય છે. સંસારીની જેમ નિમિત્તોનો આસક્તિપૂર્વક ઉપભોગ કરી અનેક નવાં નિમિત્તો ઊભાં કર્યે જવાને બદલે શ્રેયાર્થી પ્રાપ્ત નિમિત્તોના મૂળમાં રહેલી પોતાની પ્રકૃતિનું દર્શન કરવામાં તેમનો ઉપયોગ કરે છે. સંસારી અને શ્રેયાર્થી બન્નેયને સ્થૂળ પ્રકારનાં નિમિત્તો છે. સંસારી સ્થૂળ નિમિત્તોમાં જ પ્રવેશીને-ભેરવાઈને પડ્યો રહે છે, પરંતુ શ્રેયાર્થી સ્થૂળ નિમિત્તમાંથી નીકળી જઈ સૂક્ષ્મમાં પ્રવેશવા ચાહે છે. તેમ કરવામાં તેને માટે સ્વકલ્યાણનો ભાવ જ પ્રધાન સાધન બને છે. આ ભાવ વૃદ્ધિ પામતો જતાં તેના અભ્યાસમાં તે સતત નિમગ્ન રહે છે. અસત્‌માંથી સત્, અંધકારમાંથી પ્રકાશ અને મૃત્યુમાંથી અમૃત પ્રત્યે ગતિ કરી ધ્યેયપ્રાપ્તિની જ્વાળામુખી સમી ધગધગતી ઉત્કટ અભીપ્સા અનુસાર આદર્શ જીવન જીવવાનો તે મહાન પુરુષાર્થ કર્યા કરે છે. શ્રેયાર્થીને નિમિત્તમાં જીવનધ્યેયની તેજસ્વી સભાનતા રહ્યા કરે છે. તેને માટે તો પ્રાપ્ત થયેલું નિમિત્ત ભગવાન પ્રત્યેનો ભાવ પ્રેરનારું સાધન બને છે. સભાનપણે નિમિત્તનો ઉપયોગ કરતાં કરતાં તે પ્રકૃતિ ઉપર સ્વામિત્વ મેળવે છે. નિમિત્તના ઉપભોગથી જીવદશામાં સજ્જડ જકડાવાનું થાય છે. શ્રેયાર્થીને માટે આવાં નિમિત્ત તેના સ્વભાવને પ્રકાશિત કરનાર દીવાનું કાર્ય કરે છે. આથી, તે પોતાના સ્વભાવને મઠારતો રહે છે. તેને તો નિમિત્ત મળવાથી 'શું યોગ્ય અને શું અયોગ્ય' તેનું ભાન આપોઆપ સ્ફુર્યા કરે છે. શ્રેયાર્થી નિમિત્ત દ્વારા પોતાના જીવનમાં ગુણ અને ભાવ પાંગરતા જાય છે તેમ અનુભવે છે. પ્રકૃતિની નાગચૂડમાંથી છૂટવા માટે શ્રેયાર્થી નિમિત્તનો ઉપયોગ કરે છે. નિમિત્તના મૂળમાં રહેલી પ્રકૃતિનું બળ તેને હરાવવા-અવળે માર્ગે ચઢાવવા ઉદ્યત થાય છે અને તે પ્રકૃતિને વશ વર્તે તે માટે મથે છે, પરંતુ શ્રેયાર્થી તે નિમિત્તનો પ્રબળ સામનો કરી આંતરિક

બળ પ્રાપ્ત કરે છે અને આત્મકલ્યાણના પંથે ઉત્કટ ભાવવૃદ્ધિ થતાં પ્રકૃતિને પાછી હઠાવવા ફરીફરીને જોશથી મથે છે. નિમિત્તો સાથેના સંગ્રામમાં શક્તિ વાપરી વાપરીને તે નવી ને નવી શક્તિ મેળવતો જાય છે. તેના અંતરમાં આત્મોદ્ધારનો ભાવ જીવંત વહ્યા જ કરે છે અને બધાં નિમિત્તોમાંથી તરવા માટે તે ભાવ જ તેનું મુખ્ય સાધન બની રહે છે. નિમિત્તોનો જેમ જેમ વધારે ને વધારે સામનો થતો જાય છે, તેમ તેમ તેની આત્મજિજ્ઞાસાનો અગ્નિ વધારે ને વધારે પ્રદીપ્ત થતો જાય છે. આમ, શ્રેયાર્થીનો અખંડ જીવનયજ્ઞ ચાલ્યા કરે છે. એ યજ્ઞમાં વિવિધ નિમિત્તોમાં પ્રેરનારાં પ્રાકૃતિક વલણોની આહુતિ અપાતી રહે છે. શ્રેયાર્થીને પ્રાપ્ત થતાં નિમિત્તો તેનામાં હરિભાવ દઢાવે છે, તેનું આંતરજીવન સમૃદ્ધ કરે છે અને તેનામાં શ્રદ્ધા તેમ જ આત્મવિશ્વાસ વધારે છે. કદીક તેને સુષુપ્તિમાં - પ્રમાદમાં નાખી ડુબાડી દે એવાં નિમિત્તો તેણે કરેલા પ્રયત્નોને ધૂળધાણી કરી નાખે છે, છતાંય પ્રકૃતિમાંથી મુક્ત થવાના સ્વધર્મને આચરતાં આચરતાં મૃત્યુને પણ સ્વીકારવા તે તત્પર રહે છે. શ્રેયાર્થીનો પંથ અત્યંત દુર્ગમ છે. 'કઠોપનિષદ'માં જણાવ્યા પ્રમાણે :—

'क्षुरस्य धारा निशिता दुरत्यया
दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥'

—આ પંક્તિઓનો ભાવાર્થ આવો છે : 'આત્મકલ્યાણનો માર્ગ, આધ્યાત્મિક જીવનનો માર્ગ અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો કપરો છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.' આથી, આ માર્ગ ઉપર પ્રવાસ કરતા સાધકે સદૈવ જાગ્રત રહેવું પડે છે.

જીવનમાં દૈવ અને આસુર પ્રકારનાં નિમિત્તો આવતાં હોય છે. આથી, શ્રેયાર્થીને નિમિત્તોના સ્વરૂપ સંબંધી ભુલભુલામણી અને ગૂંચવાડો થયા કરે છે. નિમિત્તોમાં અટવાઈ જતાં તેને પોતાની જાગૃતિ, ધ્યેયનું ચિંતન અને આર્તનાદે હરિને કરેલો પોકાર માર્ગ

સુઝાડે છે અને તરાવે છે. શ્રેયાર્થીને પાનો ચડાવી ઉત્સાહ, શક્તિ અને પ્રેરણા આપતાં નિમિત્તો દૈવી પ્રકારનાં છે અને તેના માર્ગમાં વિઘ્નો અને મુશ્કેલીઓ નાખતાં નિમિત્તો આસુરી પ્રકારનાં છે. આથી, તેને અનેક પ્રકારના દૈવાસુર સંગ્રામો ખેલવાના આવે છે. લડતાં લડતાં તે હારે છે, છતાં ફરીફરીને ઊભો થઈ લડે છે. આવી મથામણથી મળતો ધૂંધળો પ્રકાશ તેને આગળ વધવાનો માર્ગ શોધવા પ્રેરે છે. તેના સૂક્ષ્મ સંગ્રામનો વિસ્તાર થતો જાય છે. નિમિત્તમાં ઊંડે ને ઊંડે ઊતરતાં જતાં નિમિત્તની પ્રકૃતિનાં ઊંડાં રાગદ્વેષ વગેરે વલણો મોળાં પડતાં જાય છે અને તેનામાં રહેલી સુષુપ્ત શક્તિ જાગ્રત થઈ મોખરે આવે છે. કોઈ પણ વ્યક્તિ અનંત જન્મોના સંસ્કારોનાં નિમિત્તોને એક જ જન્મમાં કાપી નાખવા શક્તિમાન નથી. અનેક જન્મોમાં મથતાં મથતાં, ઊર્ધ્વ માર્ગના સંસ્કારો વધતાં તેની હરિ પ્રત્યેની ગતિ ઉત્પન્ન થાય છે. નિમિત્તોનાં વલણોમાંથી મુક્ત થવા શ્રેયાર્થીએ પોતાના સાધનાભ્યાસમાં સંપૂર્ણપણે નિરાગ્રહી અને અનાસક્ત રહેવું આવશ્યક છે.

શ્રેયાર્થીએ નિમિત્ત સંબંધોમાં સતત જાગ્રત રહેવું જોઈએ. જીવનમાં આવતાં નિમિત્તો જીવનનું ઘડતર કરવા કે તેને પાંગરતું રાખવા માટે જ આવે છે, એવા જીવતા ભાન સાથે તેણે તેમનો ઉપકાર માનવો જોઈએ. નિમિત્ત સંબંધી વર્તનમાં ભયંકર અને દુષ્કર કોયડા હોવા છતાં શ્રેયાર્થીની બુદ્ધિ તેને પહોંચી વળવા સાબદી રહે છે. નિમિત્તનાં વલણોમાં પણ ગૂઢ મુલાયમતા રહેલી હોય છે. આથી, તેમને ફેરવી શકાય છે અને આ રીતે શ્રેયાર્થી પોતાના સ્વભાવને પારખી લઈ તેનું અતિક્રમણ કરવા મથે છે.

## નિમિત્ત અને અનુભવી

પ્રાપ્ત થતાં નિમિત્તોમાંથી હેતુલક્ષી જ્ઞાન તારવવા માટે કોઈ ભાગ્યશાળી વિરલા જ શક્તિશાળી બને છે. શ્રેયાર્થીના વર્તનમાં સારાં-નરસાંનો, યોગ્ય-અયોગ્યનો, નીતિ-અનીતિનો વિવેક રહેલો

હોય છે, પરંતુ અનુભવીનું વર્તન તેવા વિવેકવાળું હોતું નથી. સંસારનાં સ્થાપિત ધોરણો પ્રમાણે નહિ, પણ પોતાના અનોખા ઢંગનાં ધોરણો પ્રમાણે અનુભવી વર્તે છે. શ્રેયાર્થી સ્વવર્તનમાં સાંસારિક ધારાધોરણોની મર્યાદા જાળવતો હોવા છતાં અનુભવીની બરોબરી કરી શકતો નથી.

જીવદશાનાં, શ્રેયાર્થીનાં અને અનુભવીનાં એમ ત્રણ ભિન્ન ભિન્ન પ્રકારનાં નિમિત્ત હોય છે. અનુભવીને જ નિમિત્તનું ઊંડું અને યથાર્થ જ્ઞાન હોય છે. અનુભવીને નિમિત્તનો સંબંધ થતાં તે વિશે પરા-પૂર્વનું એટલે કે ભૂત અને ભાવી અંગેનું સ્પષ્ટ જ્ઞાન જાગે છે. અનુભવીના સર્વ સંસ્કારો ભસ્મ જેવા, બળેલાં બીજ જેવા હોય છે. આથી, તે સંસ્કારો તેને માટે બીજાં કોઈ નિમિત્ત ઊભાં કરતા નથી. ભવિષ્યમાં કોઈ કર્મોનું કારણ થતા નથી. અનુભવીના સંસ્કારોમાં કર્મોત્પાદનશક્તિ જ નાશ પામી હોય છે. આથી, તે સંસારીની પેઠે જન્મમરણના-સંસૃતિના પ્રવાહમાં વહી જતો નથી. અર્થાત્ કર્મબીજોત્પાદ્ય સંસારવૃક્ષનો તેને માટે સદંતર નાશ થાય છે. અનુભવીને સર્વાત્મભાવ પ્રગટેલો હોવાથી તે સર્વ નિમિત્તોને જાણે છે. આત્મસ્વરૂપના જિજ્ઞાસુને તેના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવા તે તત્પર હોય છે. પ્રસ્તુત સંદર્ભમાં શ્રીશંકરાચાર્યના ‘સ્વાત્મનિરૂપણ’માં સ્વ-રૂપનો સાક્ષાત્કાર પામેલા અનુભવીની ઉક્તિનો આ ભાવાર્થ ધ્યાનપાત્ર છે. આત્મસ્વરૂપનો અનુભવ કરવા તત્પર થયેલા પુરુષોએ ઇચ્છેલા મોક્ષરૂપ પુરુષાર્થને સિદ્ધ કરવા હું તત્પર છું, હું બ્રહ્માદિ લોકમાં વ્યાપેલો છું. મલિન અહંકારરહિત છું. મને પાપ અને પુણ્યનો સંબંધ નથી.

નિમિત્ત સંબંધે અનુભવીના હૃદયમાં જાગેલા સંસ્કારો દગ્ધ બીજ સમા હોવાથી તેને સંસારબંધનમાં નાખી શકતા નથી. અનુભવી પ્રકૃતિથી પર - ત્રિગુણાતીત થયેલો હોય છે. તેથી, તેના હૃદયમાં કોઈ પણ જીવના (નિમિત્તના) સંબંધને કારણે ભાસતા તે જીવના સંસ્કારો તો તેને પ્રકૃતિના બંધનમાં નાખનારા હોય છે, પરંતુ

અનુભવીના સંસ્કારો નિમિત્તને (જીવને) વીંધનારા હોય છે, જીવદશામાંથી મુક્ત કરાવનારા હોય છે. અનુભવીને તો કશું જ મેળવવાનું હોતું નથી. તે તો આપ્તકામ હોય છે અને તેને કશું જ કરવાપણું  હોતું નથી. ('तस्य कार्यं न विद्यते ।') તેની દેખીતી સક્રિયતા પેલા જીવરૂપી નિમિત્તને પ્રકૃતિથી પર લઈ જવા માટે, તેના ઉદ્ધાર માટે જ હોય છે. અનુભવી અક્રિય જ હોય છે, છતાં સક્રિય જેવો લાગે છે, તે તો નિમિત્ત પ્રત્યેની પોતાની નિષ્કારણ કરુણાને કારણે જ. સંપૂર્ણપણે નિષ્કામ હોવા છતાં અનાસક્તભાવે કર્મ આચરતા જીવનસિદ્ધિ પામેલા અનુભવીની પૂર્ણ ઉત્ક્રાંતિ થયેલી હોય છે. તેનું કર્મ જીવના ઉદ્ધાર માટે થતું 'નિમિત્ત-કર્મ' જ હોય છે. પોતાની સ્વાર્થસિદ્ધિ માટે તેને કશું જ કરવાનું હોતું નથી. આવો પુરુષ રાગદ્વેષ તેમ જ સર્વ પૂર્વગ્રહોથી મુક્ત થયેલો હોય છે. નિરંતર અને પ્રધાનપણે ચેતન પ્રત્યે જ અભિમુખ હોવાથી તેને પોતાના ચૈતન્યસ્વરૂપનું સતત અનુસંધાન રહ્યા કરે છે. સર્વમાં એકમાત્ર પરમાત્મા વસ્ત્રમાં સૂતરની પેઠે ઓતપ્રોત છે એવો તેને સાક્ષાત્કાર થયો હોય છે. પોતાના સંબંધમાં આવતા જીવોને (નિમિત્તોને) પરમાત્મા પ્રત્યે અભિમુખ કરાવવામાં તેમ જ તે કાજે યોગ્ય સાધન વગેરેમાં તેમને પ્રેરવામાં તે 'નિમિત્તમાત્ર' જ થાય છે.

પ્રભુનાં ચરણકમળમાં સંપૂર્ણપણે નિરંતર સંલગ્ન થયેલો તે ભક્ત પુરુષ હરિરસમાં તન્મય થયેલો હોય છે. પ્રાપ્ત નિમિત્તોના (જીવોના) ઉદ્ધાર માટે પ્રભુનું નિમિત્તમાત્ર બનનાર અનુભવીનું કર્મ તેને બંધનકારક થતું નથી. તેને સાંપડેલું નિમિત્ત તો ઈશ્વરની ઇચ્છા ફળાવવાનું સાધન હોય છે. તેથી તેના દિલમાં, મળેલા નિમિત્તમાં-જીવમાં ઈશ્વર પ્રત્યે અભિમુખતા પ્રેરવાનું કર્મ સ્ફુરે છે.

જીવ (નિમિત્ત) પોતે જ પોતાના વિવિધ સંસ્કારોથી ભરેલા ચિત્તરૂપી તિજોરીનું વાસેલું તાળું છે. તે અકબંધ તિજોરીની યોગ્ય ચાવી અનુભવી પાસે હોય છે. સંબંધમાં આવતા જીવને ઈશ્વરાભિમુખ

થવાના સંસ્કારરૂપી નાણાં અનુભવી દ્વારા મુકાયે જ જાય છે. જ્યારે જીવાત્માના ચિત્તમાં રહેલા તેને સંસાર પ્રત્યે અભિમુખ કરનારા સંસ્કારોનો પરાભવ કરીને અનુભવી દ્વારા પડેલા સંસ્કારો પ્રબુદ્ધ થઈ જાય છે, અને તેનામાં ઈશ્વરાભિમુખ થવાની પ્રચંડ ભાવના જાગી ઊઠે છે, ત્યારે તેના હૃદયમાં અનુભવીનો સંપૂર્ણપણે સ્વીકાર કરવાની ભૂમિકા પ્રગટે છે. આમ થતાં તેની મૂળ પ્રકૃતિમાં પરિવર્તન લાવી શકાય છે. સંસારી જીવમાં અનુભવી પ્રત્યેની સ્વીકારાત્મક ભૂમિકા ન પ્રગટે ત્યાં સુધી તેની પ્રકૃતિમાં પરિવર્તન પ્રગટાવી તેને સંપૂર્ણપણે ઈશ્વરાભિમુખ કરવાનું પોતાનું નિમિત્તકર્મ અનુભવીથી થઈ શકતું નથી. જીવરૂપી નિમિત્તનો ઉદ્ધાર કરવાની સ્પૃહા અનુભવીમાં હોય છે, પરંતુ તેની પાસે કશું પણ પ્રાપ્ત કરવાની સ્પૃહા તેને હોતી નથી. આથી, અનુભવી નિમિત્ત પ્રત્યે એકીસાથે સ્પૃહાવાળો તેમ જ નિઃસ્પૃહ હોય છે.

અનુભવી હંમેશ જાગ્રત અને ખબરદાર હોય છે. પોતાના સ્વરૂપમાં હંમેશને માટે પ્રતિષ્ઠિત થયેલો તે તેમાં સદૈવ રમમાણ હોય છે. પ્રકૃતિના સ્વામી એવા અનુભવીની સભાનતા અને ખુમારી એવી અનોખી હોય છે કે સંસારી જીવ તેને ન સમજતાં અભિમાની અને મિજાજી માનવા પ્રેરાય તો નવાઈ નહિ, પરંતુ શ્રેયાર્થી જીવ તો અનુભવીમાં નમ્રતાપૂર્વક પોતાનું ચિત્ત જોડી રાખે છે, કારણ કે તેનો હેતુ સ્વકલ્યાણનું ધ્યેય સિદ્ધ કરવાનો હોય છે. અનુભવી, શ્રેયાર્થીની આકરી પરીક્ષા કરી તેને તાવે, તિરસ્કારે કે શિક્ષા કરે, તોપણ તેના પ્રત્યે અન્યથાભાવ લાવી તે ડગી જતો નથી. પોતાનો અહંભાવ છોડી અનુભવી પ્રત્યે સંપૂર્ણ વિનમ્રભાવ ધારણ કરતા જીવના હૃદયમાં જ અનુભવી પ્રવેશ કરી શકે છે.

અનુભવી નિમિત્તના સંબંધમાં આવે છે, છતાં તેને ફરીને સંસારમાં પાડનારાં કોઈ નિમિત્ત ઊભાં થતાં નથી. અનુભવીના આ લક્ષણને

યથાર્થપણે ન સમજનાર પુરુષ આત્મકલ્યાણનો લાભ ગુમાવી પોતાને જ નુકસાન પહોંચાડે છે.

અનુભવી સાથે જીવતોજાગતો હાર્દિક સંબંધ સ્થપાતાં જીવોને પોતાના જીવન દરમિયાન આપમેળે જ તે સંબંધનું પ્રત્યક્ષ પરિણામ જણાયા વિના રહેતું નથી.

સ્વીકારાત્મક ભૂમિકાનો અભાવ હોવા છતાં કોઈ પણ નિમિત્તે અનુભવી સાથે સંકળાયેલા જીવોમાં તેના સંસ્કારો પ્રવેશ્યા વિના રહેતા નથી. લાંબા સમય સુધીનો અનુભવી સાથેનો સંબંધ તેમના અંતરમાં બળ પ્રેરે છે. વળી, કર્માનુસાર કોઈ પણ અનુભવી સાથે કોઈ પણ જીવને સંકળાવાનું નિમિત્ત (પ્રારબ્ધ) નિર્માયું હોય છે, તો તે અનુભવી પ્રત્યે તે જીવના હૃદયમાં સ્વીકારાત્મક ભૂમિકા રચાતી જાય છે. પોતાની સાથે સંકળાયેલા અનેક જીવોમાં અનુભવીનો કલ્યાણકારક પ્રેમભાવ આપોઆપ રેડાતો જતો હોવાથી કોઈ પણ જીવનો કોઈ જીવન્મુક્ત જ્ઞાની પુરુષ સાથે થયેલો સંપૂર્ણ ચેતનાત્મક એટલે કે ભાવાત્મક અને ક્રિયાત્મક સહકાર કદી મિથ્યા જતો નથી. એવા સહકારનું કલ્યાણકારક પરિણામ અવશ્ય જન્મે છે. અનુભવીનું જીવન કોઈ પણ નિમિત્તે તેની સાથે સંકળાયેલા સર્વ જીવો સાથે રમમાણ રહી પોતાનું ચેતન પ્રગટાવવાનું લીલાત્મક કાર્ય કરતું જ રહે છે. અનેક જીવો સાથે તે ખેલતો હોવા છતાં તેના અંતરે અખંડ હરિભાવ રહ્યા કરતો હોય છે. બધાં જ નિમિત્તો (જીવો) પરમાત્માનાં જ સ્વરૂપો છે, એવી સંપૂર્ણ પ્રતીતિ સાથે તે તેમની સાથે ક્રીડા કરતો હોય છે. સંકળાયેલા જીવો સાથેની અનુભવીની આવી અખંડ રાસક્રીડા ચાલ્યા કરે છે. મળેલા સર્વ જીવો પરમાત્માનાં પ્રતિબિંબો હોઈ સમાન જ હોય છે એવી તેની દૃષ્ટિ હોય છે.

પૂર્વનાં શુભ કર્મોનાં પરિણામે અનુભવીના સંબંધમાં આવેલા જીવોના અંતરમાં તેની છાપ અદૃશ્યપણે પડે છે, અને તેમના

કલ્યાણકારક રૂપાંતરની પ્રક્રિયા ચાલ્યા કરે છે. અનુભવીનો સંપર્ક થતાં 'મને સાચા અનુભવી પુરુષનો સંબંધ થયો છે' એમ પૂરેપૂરા ચેતી ગયેલા અને હાર્દિક પ્રેમ-આદર સાથે તેના પ્રત્યે અભિમુખ થયેલા કોઈ પણ જીવને અનુભવીનો આંતરસ્પર્શ ન્યાલ કરી નાખે છે. આવો જીવ પોતાનું જીવન પલટાઈ જતાં પ્રકૃતિના બંધનમાંથી છૂટી જઈ આત્મસ્વરૂપને અનુભવવા ભાગ્યશાળી થાય છે. અનુભવી આમ સંકળાયેલા જીવમાં ઉદય પામી તેનું જીવનપરિવર્તન કરે છે. તેમ કરતાં નિઃસંગભાવ પામેલા જીવન્મુક્તને જેમ વાયુ આકાશને સ્પર્શતો નથી તેમ જીવોના સંસ્કારો સ્પર્શતા નથી. સંપર્કમાં આવેલા સર્વ જીવો પ્રત્યે અનુભવીનું વર્તન સ્થાપિત ધારાધોરણ અને નીતિનિયમો અનુસાર નહિ, પણ અનોખા ઢંગનું હોય છે. બ્રહ્માનુભવ પામી પ્રકૃતિના અંકુશમાંથી મુક્ત થયેલા આવા ત્રિગુણાતીત જીવન્મુક્ત પુરુષનું વર્ણન કરતાં એક શ્લોકમાં કહ્યું છે :-

'भेदाभेदौ सपदि गलितौ पुण्यपापे विशीर्णे
मायामोहौ क्षयमुपगतौ नष्टसंदेहवृत्तिः ।
शब्दातीतं त्रिगुणरहितं प्राप्य तत्त्वावबोधं
निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः ॥'

'ભેદ અને અભેદ તત્કાળ ગળી ગયા છે, પુણ્ય અને પાપ વેરાઈ ગયાં છે, માયા અને મોહ ક્ષય પામ્યાં છે અને સર્વ સંદેહની વૃત્તિ નાશ પામી છે. શબ્દથી પર ત્રિગુણશૂન્ય તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને ત્રિગુણાતીત માર્ગ ઉપર વિચરતા જીવન્મુક્તને શો વિધિ અને શો નિષેધ હોય ?'

જીવોનું કલ્યાણ થવારૂપી ઈશ્વરેચ્છા મુક્તાત્મા દ્વારા વહેતી રહે છે. આમ, તેનું નિમિત્તકર્મ ચાલ્યા જ કરે છે. પોતાની સાથે સંકળાયેલા જીવમાં પડેલા અનુભવીના સૂક્ષ્મ સંસ્કારો જ્યારે તે જીવના ભાવપ્રદેશમાં ઉદયવર્તમાન થાય છે ત્યારે તેને અચૂક માર્ગદર્શન

આપી તેનું ધ્યેય હાંસલ કરાવે છે. જે જીવ અનુભવી સાથે એકાકાર થાય છે, વિનમ્રપણે એકરસ થઈ જાય છે, તેને આત્મકલ્યાણકારક લાભ અવશ્ય અને તત્કાળ થાય છે. અનુભવી તો ચૈતન્યનો સ્પર્શ લગાડવા આપમેળે તત્પર હોય છે. પ્રાપ્ત નિમિત્તને ઉદ્દેશીને કદીક સ્થૂળ, કદીક સૂક્ષ્મ અને કદીક કારણ-નિમિત્તથી તે વર્તન કરે છે. અમુક નિમિત્તથી જ વર્તવાનું તેને કોઈ જ બંધન ન હોવાથી એ ત્રણે નિમિત્તો દ્વારા અનુભવી તેની સાથે સંકળાયેલા જીવમાં પ્રવેશે છે.

ઉપર દર્શાવેલાં નિમિત્તોમાંનું કારણરૂપી જે નિમિત્ત છે, તે આકાશતત્ત્વ છે. આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી એ તત્ત્વો ક્રમશઃ ઉત્પન્ન થયાં. 'તૈત્તિરીય ઉપનિષદ'માં તત્ત્વોની ઉત્પત્તિનો તે ક્રમ આમ દર્શાવેલો છે—

तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । આ આકાશતત્ત્વ બીજાં સર્વ તત્ત્વો કરતાં વધારે સૂક્ષ્મ, સર્વવ્યાપક તેમ જ અનંત છે. તેના દ્વારા અનુભવી અનંતમાં વિસ્તરે છે. આકાશ, વાયુ અને તેજ એ ત્રણેય મળીને સૂક્ષ્મ નિમિત્તનું સ્વરૂપ રચાય છે. આ ત્રણેયમાં પણ જળ અને પૃથ્વી તો બીજરૂપે રહેલાં જ છે. સ્થૂળ નિમિત્તોમાં બધાં તત્ત્વો રહેલાં છે, પણ તેમાં જળ અને પૃથ્વી તત્ત્વોનું પ્રાધાન્ય હોય છે. ઉપર્યુક્ત ત્રણે નિમિત્તોમાં જે કારણરૂપી નિમિત્ત છે તે *આકાશતત્ત્વ સર્વત્ર વ્યાપેલું છે. અનુભવીનાં દર્શન માટે આકાશતત્ત્વ predominant-મોખરે રહે છે. અનુભવીના (૧) પ્રત્યક્ષ અનુભવી અને (૨) અપ્રત્યક્ષ અનુભવી એવા બે પ્રકારો પાડીએ તો, તેમાં અપ્રત્યક્ષ અનુભવીનાં દર્શન આકાશતત્ત્વ સાથેના

---

* પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડ થયેલી વાણીમાંથી ઉદ્ધૃત.

તાદાત્મ્યને કારણે જ થઈ શકે છે. જે મહાત્માઓનું અસ્તિત્વ શરીર દ્વારા નથી તેમનાં દર્શન આકાશતત્ત્વમાં એક થવાય ત્યારે જ થઈ શકે છે.

'અનુભવીમાં આકાશતત્ત્વ મોખરે હોવાથી તે બધામાં પ્રસરે છે. જેવી રીતે તે શ્રેયાર્થીમાં પ્રગટે છે તેવી જ રીતે તે જીવદશાવાળા જીવમાં પણ પ્રગટે છે. જીવદશાવાળા જીવમાં બધું જ સ્થૂળ હોય છે. તે સૂક્ષ્મ અને કારણને સમજતો નથી, પરંતુ તે તેનામાં રહેલાં હોય છે. અનુભવીના સંસ્કારો તેના સૂક્ષ્મ ચિત્તમાં પડે ત્યારે તેમાં ચેતનનો ઉદય થાય છે. આ પ્રકારની અવસ્થામાં જીવ લાંબો ગાળો રહે એટલે આ પ્રકારના સંસ્કારો તેનામાં પ્રસ્થાપિત થાય છે. શ્રીરાજચંદ્રના જણાવ્યા પ્રમાણે અનુભવીના પ્રસંગમાં જીવ આવ્યો તો તે જીવદશાવાળો હોવા છતાં અનેક જન્મે પણ તેનો છુટકારો થયા વિના રહેતો નથી, પરંતુ શ્રેયાર્થીમાં જે અભિમુખતા હોય છે, તે જીવદશાવાળામાં હોતી નથી.'

હરિભાવે રંગાયેલી અને તેથી હરિનું નિમિત્ત થવાની અનુભવીની પ્રકૃતિ હોય છે. અનુભવી સર્વમાં હરિનું દર્શન કરે છે. હરિને વિશ્વરૂપ અને વિશ્વને હરિસ્વરૂપ તે જુએ છે. સંપર્કમાં આવતા જીવની પ્રકૃતિ અનુસાર તેનું તેના પ્રત્યે વર્તન હોય છે. દ્વંદ્વ અને ગુણોનો સ્વામી એવો મુક્તાત્મા નિમિત્તની પ્રકૃતિને સુધારવા અને તેનું શ્રેય કરવા માટે તેમ વર્તે છે. તેમાં લૌકિક દૃષ્ટિએ દોષ જણાય છતાં તે સંપૂર્ણ રીતે નિર્દોષ હોય છે. મુક્તાત્મામાં જે દોષ જણાય છે, તે તો નિમિત્તના દોષનું જ પ્રતિબિંબ છે. અનુભવી મળેલાં નિમિત્તો સાથે તદ્રૂપ થતો હોવાથી વિવિધ સાંસારિક પ્રકૃતિવાળાઓનો અયોગ્ય વહેવાર તેનામાં જણાય છે. આ સંદર્ભમાં યોગવાસિષ્ઠના નિમ્નલિખિત શ્લોકનો ભાવાર્થ ધ્યાનપાત્ર છે :—

'रागद्वेषभयादीनामनुरूपं चरन्नपि ।
योऽन्तर्व्योमवदत्यच्छः स जीवन्मुक्त उच्यते ॥'

'રાગ, દ્વેષ, ભય વગેરે પ્રકારોને અનુરૂપ તેનું વર્તન હોવા છતાં જેનું અંતર આકાશની પેઠે તે બધાથી અલિપ્ત હોય છે, તેને સાચો જીવન્મુક્ત કહેવામાં આવે છે.'

અનુભવી પોતે સત્ અને અસત્રૂપી દ્વંદ્વોનો અને જગતમાન્ય સારાંનરસાંનો સ્વામી હોય છે. હરિ સાથે તાદાત્મ્ય પામેલો હોવાથી અનુભવી પણ પરમાત્માની જેમ જ સત્ અને અસત્માં અભિન્નપણે વ્યાપ્ત થઈ બધામાં પ્રવર્તતો હોય છે. એટલે જ ક્વચિત્ નીતિ અને અનીતિનાં દ્વંદ્વો સારાંનરસાં નિમિત્તોને કારણે તેનામાં જણાતાં હોવા છતાં તે નિમિત્તોના દોષોથી અસ્પૃષ્ટ હોય છે.

આવા અનુભવીની માનવાતીત શક્તિનો પ્રત્યક્ષ પરિચય ભગવત્ કૃપાથી કોઈક જીવને વર્તમાન દશામાં થાય છે. આમ છતાં જેને તેનામાં ભક્તિ જાગતી નથી તેવો જીવ ઠેરનો ઠેર રહે છે. પ્રાપ્ત નિમિત્તમાં સમગ્રતા, અખંડતા અને સળંગતા એ ત્રણેય ભળેલાં હોય છે. આથી, અનુભવીને નિમિત્તના જીવનમાં એ ત્રણેનું અવિભાજ્ય એકમ તરીકે દર્શન થાય છે અને નિમિત્તના જીવનને તે સમગ્રપણે, અખંડપણે અને સળંગપણે જાણે છે.

સાચો અનુભવી તેને તેના જીવનમાં મળતાં સારાં કે નરસાં કોઈ નિમિત્તનો અસ્વીકાર કે તિરસ્કાર કરતો નથી. ઈશાવાસ્યોપનિષદમાં આ ભાવ સરસ રીતે વ્યક્ત થવા પામ્યો છે —

यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥

'સર્વ ભૂતોમાં આત્માનું દર્શન કરતો હોવાથી અને આત્મામાં સર્વ ભૂતોનું દર્શન કરતો હોવાથી અનુભવી કોઈનો તિરસ્કાર કરતો

નથી.' સંપર્ક પામેલા જીવનું કલ્યાણ એ જ તેનું લક્ષ્ય હોય છે. અનુભવીનો સંસર્ગ કોઈ પણ જીવમાં પ્રગટી ચૂકેલી પ્રકૃતિ (સ્વભાવ)નું ઊર્ધ્વીકરણ (Sublimation) કરવા માટેનું સાધન બને છે. કોઈ પણ જીવસંબંધી અનુભવીને થતું જ્ઞાન તાદાત્મ્ય સંબંધ દ્વારા થતું જ્ઞાન (Knowledge by Identity) હોય છે. આવા જ્ઞાનના પરિણામરૂપે તે જીવના ગુણધર્મો તેનામાં પ્રગટતા જણાય છે, છતાં અનુભવી સંકળાયેલા જીવન (નિમિત્ત)થી જુદો રહે છે. એક થવા છતાં નોખાપણાનો આવો દેખીતો અસંભવ તેનામાં સંભવે છે. તે નિમિત્ત સાથેનું જે ગુણતાદાત્મ્ય અનુભવીમાં પ્રગટે છે, તે નિમિત્તના સંબંધથી ઉદય પામતું પ્રત્યક્ષ પરિણામ છે. જેમ સૂર્ય તેના પ્રકાશ દ્વારા નિર્મળ અને મલિન પદાર્થો સાથે એકરૂપ થવા છતાં તે બધાથી સાક્ષીરૂપે સ્વતંત્ર અને નિરાળો હોય છે, તેમ અનુભવી પણ તે તે જીવ સાથે તદ્રૂપ થાય છે, છતાં તેનાથી સ્વતંત્ર અને નિરાળો રહે છે. પોતે સાક્ષીરૂપે રહેલો હોવા છતાં જાણ્યામાં આવેલાં અને અજાણ્યાં, સંપર્કમાં આવેલાં અને નહિ આવેલાં અપરંપાર નિમિત્તો (જીવો) સાથે એક જ સમયમાં એકીસાથે તે જુદી જુદી કળાથી સંકળાયેલો હોય છે. આ જ તેની અકળ કળા છે. તેની આવી નિમિત્તલીલા ગૂઢ અને સૂક્ષ્મ હોય છે.

દરેક જીવની મર્યાદા હોય છે. બધા જીવો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ નિમિત્તોથી મર્યાદિત છે-બંધાયેલ છે. તેથી, તેઓ નિમિત્તના હાર્દને સમજવા સમર્થ નથી. અનુભવીને મર્યાદા નથી. આકાશથી પણ પર સર્વવ્યાપક અને સૂક્ષ્મતમ બ્રહ્મસ્વરૂપ સાથે તાદાત્મ્ય પામેલો અનુભવી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવાં સર્વ નિમિત્તોની આરપાર સોંસરવો નીકળી જાય છે. નિમિત્ત જાગતાં તે પ્રત્યક્ષરૂપે પ્રગટે છે. પોતાની મર્યાદાને કારણે જીવો તે તે નિમિત્તના હાર્દને સમજી શકતા

નથી, પરંતુ અનુભવી તો મર્યાદાતીત હોવાથી પ્રાપ્ત થયેલાં નિમિત્તોનું (જીવોનું) પ્રારબ્ધ આપમેળે તેની સમક્ષ છતું થાય છે.

નિમિત્ત અનાદિ છે, જીવભાવ અનાદિ છે, ગુણાત્મિકા પ્રકૃતિ પણ અનાદિ છે. બ્રહ્મની જેમ જ અનુભવીમાં પણ પ્રકૃતિ ગૌણરૂપે રહેલી છે. ગીતામાં પ્રકૃતિને બ્રહ્મની યોનિ કહેલી છે. ('मम् योनिर्महद्ब्रह्म'). આ પ્રકૃતિરૂપી માયાશક્તિ દ્વારા બ્રહ્મ સર્જન વગેરે કાર્ય કરે છે. બ્રહ્મસ્વરૂપ થયેલો અનુભવી પણ તેનામાં ગૌણરૂપે રહેલી પ્રકૃતિના માધ્યમ દ્વારા કાર્ય કરે છે. બ્રહ્મને લાગુ પડતી હકીકત બ્રહ્મનો અનુભવ કરનારને પણ લાગુ પડે છે. પરમાત્માનો સનાતન અંશ હોવાથી જીવમાં પણ પ્રકૃતિ રહેલી છે, પણ જીવ પ્રકૃતિને અધીન છે. જીવની જેમ જ પ્રકૃતિને કારણે અનુભવીને પણ વિવિધ જીવો સાથે સંકળાવાનું નિમિત્ત હોય છે, પરંતુ જીવ પોતાની પ્રકૃતિને વશ થઈને વર્તે છે. અર્થાત્ જીવ પોતાની પ્રકૃતિનાં કામક્રોધાદિ પરિણામોને વશ થાય છે, જ્યારે અનુભવી કામક્રોધાદિનો પોતાના સાધન તરીકે ઉપયોગ કરે છે. જીવ અને અનુભવીના વર્તનપ્રકારમાં આ મૂળભૂત તફાવત રહેલો છે.

પોતાની સાથે સંકળાયેલા જીવમાં હરિ પ્રત્યેની અભિમુખતા પ્રેરવાના, તેનામાં હરિ પ્રત્યેનો ભાવ પ્રગટાવવાના પોતાના કર્તવ્યમાં અનુભવી પ્રકૃતિને જ માધ્યમ તરીકે ઉપયોગમાં લે છે. કોઈ પણ નિમિત્તના (જીવના) મૂળમાં રહેલી પ્રકૃતિ જ તેના જીવભાવનું નિમિત્ત છે અને અનુભવીને તો પ્રકૃતિ તાબે હોવાથી પ્રકૃતિને કારણે પ્રગટેલા રાગદ્વેષાદિ બધાં જ નિમિત્તો પોતાને અધીન હોય છે.

એ બધાંનો અનુભવી જીવોના ઉદ્ધાર માટે પોતાની અનોખી કળાથી ઉપયોગ કરે છે. અનુભવીના જીવનમાં પ્રાપ્ત થતાં નિમિત્તોમાં

હરિની પ્રેરણા કાર્યશીલ હોય છે. નિમિત્તોમાં (જીવોમાં) હરિની ઇચ્છા ફળાવવાના અણસારનું તેને દર્શન થતું હોય છે. અને હરિની ઇચ્છા ફળાવવામાં પોતે હથિયારરૂપ હોવા છતાં 'આ રીતે હરિ જ લીલા કરી રહ્યો છે' એમ તે સમજે છે. 'અત્યંત ગૂઢ અને કલ્પનાતીત એવી હરિની માયાથી અનુભવી નિમિત્તની પ્રકૃતિ પારખે છે, અને નિમિત્તમાં હરિનો ભાવ પ્રત્યક્ષ જાગ્રત થતો જુએ છે. તેમ જ તે નિમિત્તની પ્રકૃતિના ઊર્ધ્વીકરણ માટે પોતાના હૃદયમાં હરિએ કરેલા ઇશારાને જાણે છે. તેના સંબંધમાં આવેલ જીવરૂપી નિમિત્ત તો પરમેશ્વરરૂપી અગ્નિનો એક તણખો જ છે-ચિત્સ્વરૂપ અગ્નિથી તે ભિન્ન નથી. જીવમાત્ર પરમાત્મારૂપી અમૃતતત્ત્વનું જ સંતાન છે - સનાતન અંશ છે. (ममैवांशो जीवलोके जीवभूतः सनातनः । गीता)

અનુભવી જ્યારે હરિલીલારસામૃતમાં સંપૂર્ણ તદાકાર હોય છે એટલે નિર્વિકલ્પ અવસ્થામાં હોય છે ત્યારે તેને કોઈ નિમિત્તકર્મ હોતું નથી. સર્વ જીવોમાં (નિમિત્તોમાં) પ્રવર્તમાન પ્રકૃતિ પણ હરિનું જ અંગ હોવાથી સર્વત્ર હરિનું દર્શન કરતો અનુભવી તે સર્વમાં હરિભાવનો અનુભવ કરે છે. આથી, તે દુષ્ટમાં દુષ્ટ જીવને પણ અવગણતો નથી. પ્રાપ્ત થયેલ નિમિત્તમાં પ્રવર્તી રહેલ ગુણદ્વંદ્વમય સ્વભાવને પણ હરિનું જ પ્રતિબિંબ માનતા અનુભવીને સર્વત્ર નૃત્ય કરતો હરિ જ વિલસી રહ્યો છે એવી પ્રતીતિ રહ્યા કરે છે.

હરિની ઇચ્છા ફળાવવાનું જે સંપૂર્ણ 'નિમિત્તમાત્ર' થાય છે, તેવા અનુભવીને કોઈ બંધન રહેતું નથી. 'निमित्तमात्र भव सव्यसाचिन् ।' એવી ગીતાની પંક્તિમાંથી તેવો ભાવાર્થ સ્ફુરે છે. જે સંપૂર્ણ નિમિત્તમાત્ર થયેલો છે, તેને સ્થળ, કાળ, ગુણ, દ્વંદ્વમાંનું કાંઈ રહેતું નથી. તે દેખીતી રીતે તેમાં રહેલો હોવા છતાં

સ્થળકાળાદિથી પર કારણરૂપી નિમિત્ત (ગુરુરૂપી નિમિત્ત) પોતાને પ્રાપ્ત થયું હોવાથી પોતે તે બધાથી પર થયેલો હોય છે. કારણરૂપી ગુરુ પ્રગટવાનું મૂળ કારણ નિમિત્તમાં જ રહેલું હોય છે. અંદરની ઊંડી લગન અને અદમ્ય તમન્ના હોય તો જ ગુરુ પ્રાપ્ત થાય છે.

દરેક નિમિત્તમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવી નિમિત્તત્રિપુટી સૂક્ષ્મ ભાવે રહેલી હોય છે. અનુભવીને આકાશતત્ત્વ મોખરે હોવાથી તે અનેકમાં પ્રસરે છે. પ્રાપ્ત નિમિત્ત સંસારી જીવને સંસારમાં પ્રેરે છે. શ્રેયાર્થીને તે સંસારથી મોળા થવા માટે આવે છે. અનુભવીનું નિમિત્ત જીવદશાવાળાને તેમ જ શ્રેયાર્થીને હરિ પ્રત્યે અભિમુખ કરવા, તેમનામાં ભાવવૃદ્ધિ કરવા માટે હોય છે. આમ, ત્રણ પ્રકારનાં નિમિત્તો ખેલે છે.

પોતાની એકલાની શક્તિથી જ પ્રાપ્ત નિમિત્તનાં જીવન પલટાવી નાખવા અનુભવી સમર્થ છે, પરંતુ તે સ્વાભાવિક રીતે, જેમ થતું હોય તેમ સરળતાપૂર્વક, આ રૂપાંતરનું કાર્ય થવા દે છે. નિમિત્તરૂપ જીવાત્મા વિશે તેને કશું જ અજાણ્યું ન હોવા છતાં તે જાણે કે અજાણ્યો હોય તેમ સંસારમાં વર્ત્યા કરે છે. તેના આવા વર્તનમાં દંભ નથી, નરી વાસ્તવિકતા જ છે. પ્રાપ્ત થતા નિમિત્તને સ્પર્શી અનુભવી તેનામાં પ્રવેશવા ચાહે છે. નિમિત્તને એટલે કે જીવાત્માને કોઈ ને કોઈ રીતે પોતાના હૃદયમાં આકર્ષી લેવાની તેની ચાલ છે, કાર્યપદ્ધતિ છે. કેટલીક વાર અનુભવી નિમિત્તને ઊર્ધ્વગામી કરવા ઘણું મથે છે, પરંતુ તેમાં નિમિત્તનો સહકાર ન હોય તો તે ચસકતું નથી. આવી પરિસ્થિતિમાં પણ અનુભવીનો લાંબા સમય સુધીનો સત્સંગ જીવાત્માનું કલ્યાણ કર્યા વિના રહેતો નથી. આથી, ફલિત થાય છે કે, જે જીવાત્મા અનુભવીને હાર્દિક સહકાર આપે છે, તેને જ અનુભવીના 'નિમિત્તકર્મ'ની પ્રતીતિ થાય છે.

## નિમિત્ત ઉપસંહાર

'નિમિત્ત'નો ઉપસંહાર કરતાં પૂજ્ય શ્રીમોટા જણાવે છે કે તેમના જીવનમાં સાધનાના જુદા જુદા તબક્કાઓમાં નિમિત્તનો ઉપયોગ થવા પામ્યો હતો. નિમિત્તને લીધે તેઓશ્રીને જીવનમાં ઘણું મથવાનું, આંતરસંઘર્ષોમાંથી પસાર થવાનું થયું હતું. નિમિત્તનાં પ્રલોભનોને લીધે તેઓ અનેક વાર હાર્યા પણ ખરા, છતાં ખુમારીથી અડીખમ રહી તેમણે યુદ્ધો ખેલ્યાં હતાં. ઈશ્વર પ્રત્યેની અભિમુખતા સતત રહી હોવાથી અખંડાકાર ભાવની ભૂમિકામાં તેઓ પ્રતિષ્ઠિત થયા. આવા અસાધારણ પરિણામને પોતે હરિકૃપાની અપરંપાર પ્રસાદી જ માને છે. મળેલાં સ્વજનોને તેઓ આ રીતે ઉદ્‌બોધન કરે છે : 'તમે કોઈ પણ સંસ્કારોથી જાગેલા નિમિત્તે મને મળ્યાં છો, તો તમારા દિલમાં મને પ્રવેશવા દેજો. તમારા દિલમાં જ વસેલું કોઈ સ્વજન માનીને મને ભાવથી પોષજો. તમારા હૈયે પ્રવેશવા કાજે સરળતા કરી આપીને સંપૂર્ણ સહકાર મને આપશો, તો પ્રાપ્ત નિમિત્તનું ઉચિત કર્તવ્ય થયા કરશે. મને સહકાર ન આપીને પોતાના જ કલ્યાણમાં તમે અવરોધો ઊભા ન કરશો.'

'નિમિત્ત' લખવાના નિમિત્તે પ્રગટ થઈ 'નિમિત્ત'નું સર્જન કરાવ્યું અને નિમિત્તનું ભાન તેમને હૃદયમાં પ્રેર્યું-એવું પૂજ્ય શ્રીમોટા કહે છે. વધુમાં તેઓ કહે છે કે નિમિત્તવિજ્ઞાનનું રહસ્ય હરિકૃપાથી અભિવ્યક્ત થવા પામ્યું છે. નિમિત્ત પ્રગટ થતાં હરિની કેવી અદ્‌ભુત કળા વ્યક્ત થાય છે, તેનું પોતે પ્રત્યક્ષ જીવતું ઉદાહરણ છે.

સ્વજનોને ભાવપૂર્વક ઉદ્‌બોધતાં પૂજ્યશ્રીએ ઉપસંહારમાં કાઢેલા નીચેના ઉદ્‌ગારો તેમની નિમિત્ત પ્રત્યે કેવી ભાવાર્દ્રતા પ્રગટ કરે છે !

'તમારા દિલનું કોક તમારું જાણીને મને,
પોષજો ભાવથી એને યોગ્ય પ્રસાદ અર્પીને.

રખાતાં દિલ સદ્‌ભાવ હૃદયે ખેંચી લાવજો,
નિમિત્તે થયું કલ્યાણ'-નિશ્ચે તે દિલ જાણજો.
કૃપાથી આ લખાયેલું ભાવે કરું સમર્પિત,
સમર્પણાંજલિ મારી શી આ યત્કિંચિત્ તે પદ.'

ο ο ο

આ નિમિત્તમાં પ્રગટ થયેલું વિજ્ઞાન અગાધ છે. અનુભવીની વાણીનું હાર્દ અનુભવ થયા વિના પામી શકાતું નથી. નિમિત્ત-વિજ્ઞાનનું રહસ્ય સમજવાનું મારું ગજું નથી અને તેને સંપૂર્ણપણે સમજ્યો હોવાનો હું કોઈ દાવો કરતો નથી. પૂજ્ય શ્રીમોટા દ્વારા આ **'નિમિત્ત'** ઉપર ભૂમિકારૂપે લખવાની મને આજ્ઞા થતાં મને જે સ્વલ્પ સમજાયું છે, તે અત્રે રજૂ કર્યું છે. 'નિમિત્તબોધ'માં તો મેં મોટા ભાગે પૂજ્ય શ્રીમોટાની વાણીનો જ આશ્રય લીધો છે. તેમાં જે કોઈ દોષ હોય તે મારા છે અને જે કંઈ ઉત્તમ હોય તે પૂજ્યશ્રીની પ્રસાદી છે. 'નિમિત્ત'ને સમજવા માટે આ 'પ્રવેશક' વાચકોને જેટલે અંશે ઉપકારક થશે તેટલે અંશે તે સંબંધી થયેલો યત્ન સફળ થયેલો ગણાશે.

અમદાવાદ **-અનુપરામ ગો. ભટ્ટ**

તા. ૧૨-૪-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પહેલી આવૃત્તિ)

તા. ૨૯-૨-૧૯૭૨ના રોજ વહેલી સવારે છ વાગ્યે પ્રા. ઇંદુકુમાર ખંડુભાઈ દેસાઈ, 'દક્ષિણા' ૧૦, શારદા સોસાયટી, અમદાવાદ-૭ને ત્યાં રોટલા જમવા જવાનું થયું. સત્સંગની ભાવનાથી પ્રા. અનુપરામ ગોવિંદરામ ભટ્ટ, પ્રા. રણધીરભાઈ ઉપાધ્યાય, શ્રી પંધે ગુરુજી (ખાંવગાંવ, વિદર્ભ), શ્રી દત્તા મહા (ગાંધી આશ્રમ, અમદાવાદ), શ્રી કાંતિભાઈ શિલ્પકાર (ચાંદલોડિયા) તથા પ્રા. રમેશભાઈ ભટ્ટ (મણિનગર)-આ બધા ભાઈઓ મળવા આવ્યા હતા.

ભાઈશ્રી ભટ્ટસાહેબે પૂછવા માટે પ્રશ્નોત્તરી તૈયાર કરી રાખી હતી. એક તો તેઓ સંસ્કૃતના પ્રાધ્યાપક તેમ જ શાસ્ત્રોના ઉપાસક પણ ખરા. એટલે એમના જેવા શાસ્ત્રના અધિષ્ઠાતાના ઘણા ઝીણવટભર્યા અને અઘરા પ્રશ્નોના જવાબ આપવા મારા જેવા માટે ઘણા મુશ્કેલ તો ખરા, કારણ કે શાસ્ત્રો મેં વાંચ્યા પણ નથી અને તેનો અભ્યાસ પણ નથી, પરંતુ ગમે તેવી મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પ્રસન્નચિત્ત, શાંતિ અને શાતાવાળા રહી શકાય અને સતત એકધારો આનંદ પ્રવર્ત્યાં કરે અને જ્ઞાન તો આત્માનું સહજ લક્ષણ છે. ભલેને શાસ્ત્રો ન વાંચ્યાં હોય, અથવા તો અક્ષર પણ ન ભણ્યો હોય, તોપણ જેને અનુભવ થયો હોય છે એવો માનવી ગમે તેવા ભારેમાં ભારે પ્રશ્નો છોને પુછાયા હોય, તેનો તે સંતોષકારક જવાબ આપી શકે છે. એવો માનવી ગમે તેવી દુન્યવી અને વહેવારની દૃષ્ટિએ કઢંગી સ્થિતિમાં ભલેને દેખાતો હોય, છતાં પણ તે ચેતનામાં જ સતત, સળંગ અને અખંડ ચેતનાની ભાવનામાં રમણ કર્યા કરતો હોય છે. તેવું હૃદયમાં હૃદયથી હૃદયનું શ્રીપ્રભુકૃપાથી

જ્ઞાન પ્રગટી ગયેલું હોવાથી મને તો શ્રીપ્રભુકૃપાથી નિશ્ચિતતા હતી અને દિલમાં પૂરેપૂરી પ્રસન્નતાપૂર્વકની મસ્તીભરી નિરાંત પણ હતી. અને તે ભૂમિકામાં શ્રી ભટ્ટસાહેબના બધાયે પ્રશ્નોના પૂરેપૂરા ખુલાસા યોગ્ય રીતે થઈ શક્યા તેને હું ભગવાનની કૃપાપ્રસાદી અનુભવી શકું છું. જો તે વખતે ટેપરૅકૉર્ડર હોત અને મોટાની વાણી તેમાં ઉતારી લેવામાં આવી હોત તો તે વાણી સાંભળવાનો લહાવો ફરીથી મળી શક્યો હોત અને તે સાંભળીને બીજાઓને મારું ઉપરનું લખેલું કથન યથાયોગ્ય છે એમ જરૂર લાગત.

આ સત્સંગ થતાં થતાં, કંઈક નિમિત્ત વિશે વાત નીકળી ત્યારે મારી નવી પ્રસિદ્ધ થયેલી 'જીવનગીતા'માંથી 'નિમિત્ત' વિશેનું મેં કેટલુંક વાંચી સંભળાવ્યું. તે બધું સંભળાવ્યા પછી શ્રોતામાંના કોઈકે કહ્યું કે 'મોટા, તમે 'નિમિત્ત' ઉપર હવે લખો તો સારું. જેમ જિજ્ઞાસા, શ્રદ્ધા ઉપર તમે લખ્યું, તે પ્રભુમાર્ગ પરત્વે મથનારાને ઉપયોગી તો જરૂર થઈ પડવાનું જ છે. ગુજરાતી સાહિત્યમાં તો તે પરત્વેનું કોઈ લખાણ છે જ નહિ. એટલે એ રીતે એમાં મૌલિક ઉમેરો થયો. તેવી રીતે આ 'નિમિત્ત' વિશે તમે લખો તો ઘણું ઉત્તમ. 'નિમિત્ત' વિશેની સમજણ બહુ સ્પષ્ટ થતી નથી. એટલે જો તમે નિમિત્ત ઉપર લખો તો કાંઈ નહિ તો બુદ્ધિથી યોગ્ય સમજણ તો પડે.' ત્યારે મેં તે ભાઈઓને કહ્યું, 'નિમિત્ત ઉપર લખવામાં તો મને વાર નથી થવાની, કારણ કે તેની બધી સમજણ મારા મનમાં અત્યારે તૈયાર છે અને લખતાં જરા પણ વાર થાય તેમ નથી, પરંતુ આ નિમિત્ત છપાવવાનું ખર્ચ તમે આપો અને તેને વેચી આપવાનું પણ તમે પ્રેમથી સ્વીકારો, તો હમણાં જ હું તો તમને નિમિત્ત ઉપર લખી આપું.' અને તે ભાઈઓ તે અંગે કબૂલ પણ થયા.

બીજે દિવસે ભાઈશ્રી પ્રભુદાસ અને જયંતીભાઈ જાનીને ત્યાં તેમના નવા મકાનના વાસ્તુને માટે જવાનું હતું અને સવારમાં વાસ્તુનો હવન મારે હાથે થવાનો હતો. તે પહેલાં સવારે ચાર વાગ્યે ભાઈશ્રી ૧૦૮ રમાકાંત જોશી પાસે **'નિમિત્ત'** ઉપર થોડું લખાવ્યું. એકધારું હું બોલ્યા જતો હતો અને તેઓ લખતા જતા હતા. પછી તો 'હરિઃૐ આશ્રમ સોસાયટી'ના ખાત મુહૂર્તવિધિમાં મારે જવાનું થયું, અને પછીથી વાસ્તુ-હવનની વિધિમાં એમ કાર્યક્રમમાં સમય વીત્યા કર્યો. તા. ૨-૩-૧૯૭૨ના રોજ બપોરના ત્રણ વાગ્યે તો અમે ત્યાંથી નડિયાદ આશ્રમે આવવાને નીકળી ગયા. અને ચોથીએ વહેલી સવારે પાછું 'નિમિત્ત' ઉપર ભાઈશ્રી રાજુભાઈ પાસે લખાવરાવ્યું અને ભાઈશ્રી સોમાભાઈ ભાવસારે તે ઉતારી લીધું. બાકીનું બધું લખાણ લગભગ તે જ દિવસે પૂરું કર્યું.

પાંચમીએ સવારે નડિયાદ હરિઃૐ આશ્રમમાં ઉપરના જણાવેલા સદ્‌ગૃહસ્થો પધાર્યા. તે બધાને મારું નિમિત્તનું લખાણ ભાવપૂર્વક એકાગ્રતાથી એકધારું વાંચી સંભળાવ્યું. તે બધું લખાણ તે ભાઈઓને રુચ્યું તેથી મને ઘણો આનંદ થયો. આવો છે આ 'નિમિત્ત' વ્યક્ત થયાનો ઇતિહાસ. શ્રીપ્રભુકૃપાથી 'નિમિત્ત'ને વ્યક્ત થયાનો આવો મને જે અવકાશ મળ્યો તેથી મને પણ હૃદયમાં આત્મસંતોષ પ્રગટ્યો છે. તે કાજે શ્રી ઇંદુકુમાર અને શ્રી અનુપરામભાઈ ભટ્ટસાહેબનો હું હૃદયથી આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **મોટા**
તા. ૬-૩-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પ્રા. શ્રી એ. જી. ભટ્ટસાહેબ તથા પ્રા. શ્રી ઇંદુકુમાર દેસાઈ-એ બન્નેના નિમિત્તકારણથી આ 'નિમિત્ત' રચ્યું છે. 'નિમિત્ત'ના આ શ્લોકોને ક્રમવાર ગોઠવવાનું કામ શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે. તે પછી એ ગોઠવેલા શ્લોકો શ્રી ભટ્ટસાહેબ, શ્રી ઇંદુકુમાર અને શ્રી રમેશભાઈ ફરીથી તપાસી ગયા અને છેલ્લી પ્રેસ માટેની નકલ પ્રા. શ્રી ઇંદુકુમાર દેસાઈએ તૈયાર કરી.

શ્રી ઇંદુકુમારે તો **'નિમિત્ત'**ના પ્રકાશનનો ખર્ચ આપવાનો ઉમળકાથી સ્વીકાર કર્યો છે અને શ્રી ભટ્ટસાહેબ તથા શ્રી ઇંદુકુમારે ભેગા મળીને 'નિમિત્ત' વેચી આપવાનું પણ સ્વીકાર્યું. તેઓશ્રીની આવી પ્રેમભરી તત્પરતા બદલ હૃદયથી આભાર માનીએ છીએ.

મુદ્રણાલયે જે સહાય આપી આ પ્રકાશનને યથાયોગ્ય સ્વરૂપે પ્રગટ કરવામાં ઉમંગ દર્શાવ્યો છે, એ બદલ એમનો આભાર માનીએ છીએ. 'નિમિત્ત'નાં પ્રૂફ સુધારવાનું કામ શ્રી ઇંદુભાઈએ જાતે જ સ્વીકાર્યું અને મુદ્રણશુદ્ધિની ખાંખત અને ચીવટ દર્શાવી છે એની અમે હૃદયથી કદર કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનું આ નાનકડું પુસ્તક આધ્યાત્મિક માર્ગના પ્રવાસી માટે ખૂબ જ મૂલ્યવાન પ્રકાશન છે. આશા છે કે જિજ્ઞાસુ આ પુસ્તક ખરીદીને વાંચશે. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થયેલ તમામ આવક પૂરેપૂરી લોકકલ્યાણનાં કાર્ય માટે જ વપરાય છે, એ કહેવાની જરૂર ન હોય.

ગુજરાતી પ્રજા 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા' પછીનું આ પ્રકાશન **'નિમિત્ત'**ને ઉમળકાથી સત્કારશે એવી અમને શ્રદ્ધા છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **નંદુભાઈ**

તા. ૧-૫-૧૯૭૨ — મૅનેજિંગ ટ્રસ્ટી,

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું આ 'નિમિત્ત' વિશેનું શાસ્ત્ર ૧૯૭૨માં હરિઃૐ આશ્રમ, નડિયાદ તરફથી પ્રસિદ્ધ થયું હતું. બાવીસ વર્ષ પછી એનું પુનર્મુદ્રણ કરતાં આનંદ થાય છે.

આ રચના સ્વ. ઈંદુકુમાર દેસાઈ તથા સ્વ. એ. જી. ભટ્ટની ભાવનાને લીધે થયેલી. એના પ્રકાશનની તથા વેચાણની જવાબદારી સ્વ. ઈંદુકુમારે સંભાળેલી. 'નિમિત્ત'ના શ્લોકોનું સંકલન શ્રી રમેશભાઈ ભટ્ટે કરેલું. આજે આ પુનર્મુદ્રણ વેળાએ શ્રી એ. જી. ભટ્ટ અને શ્રી ઈંદુકુમાર દેસાઈ આપણી વચ્ચે નથી એથી એમનું પુણ્યસ્મરણ થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ 'નિમિત્ત'ને આધ્યાત્મિક વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું છે. શ્રેયાર્થીને મન આ પુસ્તકનું મહત્ત્વ ઘણું જ છે. આથી, તેનું પુનર્મુદ્રણ સૌનો આવકાર પામશે એવી શ્રદ્ધા છે.

આ પુનર્મુદ્રણમાં પ્રથમ આવૃત્તિમાંનાં નિવેદનો, પ્રસ્તાવનાઓની મહત્ત્વની હકીકત અમારાં નિવેદનમાં સમાવી છે. સ્વ. શ્રી એ. જી. ભટ્ટે લખેલા અભ્યાસપૂર્ણ વિસ્તૃત પ્રવેશકનું શ્રી રમેશભાઈએ સંપાદન કર્યું છે અને એમાંથી પૂજ્ય શ્રીમોટાના કથન તથા વિવરણનો ભાગ આ પુનર્મુદ્રણમાં લેવાયો છે.

પૂજ્ય શ્રીમોટાએ લખેલ 'બે બોલ' જેમના તેમ આ આવૃત્તિમાં રાખ્યા છે.

આ પુસ્તકના પુનર્મુદ્રણમાં અમને શ્રી પ્રભુદાસ ડી. જાની તથા શ્રી સુરેશભાઈ સંતનો સહયોગ મળ્યો છે. અમે એમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

હરિઃૐ આશ્રમ, સુરત — **ઝીણાભાઈ પટેલ**
તા. ૧૫-૨-૧૯૯૪ (વસંતપંચમી) — વ્યવસ્થાપક ટ્રસ્ટી,

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને નિમિત્ત મળતાં 'નિમિત્ત વિજ્ઞાન' અંગે સને ૧૯૭૨માં તેઓશ્રી દ્વારા **'નિમિત્ત'**નું પ્રકાશન થયું હતું. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવાં નિમિત્તોના પ્રકારો અંગે તેમ જ અનુભવીનાં નિમિત્તો અંગે પણ ગુજરાતી સાહિત્યમાં વિરલ એવું સાહિત્ય શ્રેયાર્થીઓને પ્રાપ્ત થયું છે.

આ પ્રકાશનની પ્રતો હાલ ઉપલબ્ધ ન હોવાથી અમદાવાદ નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ જાનીના સહયોગથી આ ચોથી આવૃત્તિનું પ્રકાશન અમો કરી રહ્યા છીએ. આ માટે શ્રી જયંતીભાઈ જાની અને તેમના પરિવાર પ્રત્યે અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા રાખીએ છીએ કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૯-૭-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ,**

ગુરુપૂર્ણિમા **હરિ:ૐ આશ્રમ, સુરત.**

# અનુક્રમણિકા


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | નિમિત્તસ્વરૂપ ૧ | |
| ૨. | નિમિત્તમાં સંસારી | ૪ |
| ૩. | શ્રેયાર્થી અને સંસારી | ૬ |
| ૪. | નિમિત્તમાં શ્રેયાર્થીનું લક્ષણ | ૧૦ |
| ૫. | શ્રેયાર્થીનો સંગ્રામ | ૧૩ |
| ૬. | શ્રેયાર્થીનો દુર્ગમપથ | ૧૭ |
| ૭. | શ્રેયાર્થીનો વિવેક | ૨૧ |
| ૮. | શ્રેયાર્થી અને અનુભવી | ૨૫ |
| ૯. | નિમિત્તમાં અનુભવી | ૨૭ |
| ૧૦. | અનુભવીની લીલા | ૩૧ |
| ૧૧. | અનુભવીનું નિમિત્ત કર્મ | ૩૮ |
| ૧૨. | અનુભવીની નિમિત્ત પ્રક્રિયા | ૪૧ |
| ૧૩. | ‘નિમિત્તમાત્ર’ | ૪૩ |
| ૧૪. | નિમિત્ત કૃપા | ૪૫ |


❑

# નિમિત્ત

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિ:ૐ

**અધ્યાય : ૧**

# નિમિત્તસ્વરૂપ

(અનુષ્ટુપ)

શો પરાપૂર્વનો ઊંડો સંબંધ જે પરસ્પરે !
નિમિત્ત જે મળ્યું, તેમાં સંકળાયેલ છે ખરે. ૧

આપમેળે વિના માગ્યું મળે કર્મ, નિમિત્ત તે,
પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે આચરો ગણી યજ્ઞ જે. ૨

આપમેળે શું નિમિત્ત સહજતાથી સાંપડે !
વિચાર્યા જ વિનાનો તે સંબંધ જીવને ફૂટે. ૩

નિમિત્તમાં ન ક્યાંયે છે, અપવાદ જ કોઈને,
જ્ઞાની, અજ્ઞાનીને હોય કેવાં નિમિત્ત જીવને ! ૪

નિમિત્તો સંકળાયેલાં જે તે સૌ કોઈ હોય છે,
શો પરસ્પરનો સ્પર્શ એકબીજાંની સાથ તે ! ૫

એકબીજાંતણું કેવું અનુસંધાન જીવને !
વત્તાઓછા પ્રમાણે તે નિમિત્તો કરી હોય છે. ૬

અસર એકબીજાંની કરે પડ્યા પરસ્પરે,
પડે શું એકબીજાંનું, ચિત્તમાં પ્રતિબિંબ તે. ૭

એકબીજાંથી કેવાં સૌ જીવને દોરવાય છે !
નિમિત્તથી સહુ સાથે સંકળાવાનું થાય છે. ૮

તેથી તો વિશ્વમાં સર્વ જોડાયેલાં પરસ્પરે,
કોઈ કોઈથી નોખું ના, તેથી સ્વતંત્ર કો ન છે. ૯

કોઈ નિમિત્ત સંબંધ લાંબો ગાળો ટક્યા કરે,
કોઈ કેવો ટૂંકું જીવે કોઈ પસાર થાય છે. ૧૦

નિમિત્તમાં ટકો જેમ લાંબો ગાળો તમે હૃદે,
જાણવું ગાઢ નિમિત્ત, તેના સંસ્કાર ગાઢ છે. ૧૧

ગાઢ ઉત્કટ સંબંધ જીવદશાની વૃત્તિનો
-ગાળો તે જેટલો લાંબો ચાલે, તેવું નિમિત્ત છે. ૧૨

નાનુંમોટું અને સારુંનરસું નિમિત્ત જીવને,
શા ઉપજાવતા ર્હીએ આપણે સહુ જીવને ! ૧૩

સંસ્કાર, કર્મથી કેવા ગાઢ, મોળા પડ્યા કરે,
તે પ્રકારનું નિમિત્ત રહે સર્જાતું જીવને. ૧૪

નિમિત્તનું ખરું માત્ર સંસ્કાર મૂળ કારણ,
જેવા સંસ્કાર નિમિત્તો ઊગે તેવું જ જીવન. ૧૫

મન, બુદ્ધિ, અહમ્, પ્રાણ, ચિત્ત ને ઇંદ્રિયો વડે
-જે જે કૈં થતું, તેથી તો સંસ્કાર ચિત્તમાં પડે,
તેવા પડેલ સંસ્કાર-માંથી નિમિત્ત જન્મતું,
*'ગર્ભ નિમિત્તના સાચા સંસ્કાર' એમ જાણ તું. ૧૬-૧૭

---

* અન્વય : નિમિત્તના સાચા ગર્ભ સંસ્કાર છે.

સંસ્કારોના પ્રકારો છે, અનંત જાતના બધા,
સંસ્કારમાંથી જન્મે છે, નિમિત્ત સર્વ જાતનાં. ૧૮

ઝેર ને વેર વૃત્તિના સંસ્કારનાં નિમિત્ત જે,
માનવીનાં જુદાં જુદાં જન્માવે પરિણામને. ૧૯

નિમિત્ત એકનું એક છતાં એના પ્રકાર છે,
પ્રકારે તે જુદું જુદું એકથી છે અનેક તે. ૨૦

જીવન જીવતાં જેને જીવનને ઉગાડવા
-તણું ભાન હૃદે પૂર્ણ, તેવા ચઢે નિમિત્તમાં. ૨૧

સંસારમાં જ પ્રેરાવે સંસારીને નિમિત્ત તે,
સંસારથી જ છોડાવા શ્રેયાર્થીને નિમિત્ત છે,
અનુભવીનું નિમિત્ત **हरिभाव** બઢાવવા,
એ પ્રકારથી નિમિત્ત ખેલે છે ત્રણ, દિલમાં. ૨૨-૨૩

•

હરિ:ૐ

## અધ્યાય : ૨

# નિમિત્તમાં સંસારી

(અનુષ્ટુપ)

જીવદશાનું નિમિત્ત જીવદશા વધારશે,
સંસ્કાર વૃત્તિના ઊંડા ગાઢ કેવા પડાવશે. ૧

કામક્રોધાદિ વૃત્તિઓ જીવદશાની સ્થિતિમાં,
**જીવ** અનેકની સાથે સંકળાવે પરસ્પરે. ૨

ભોગ ભોગવવાથી ત્યાં લોભમોહાદિ વૃત્તિનો,
લાગે જે પાસ ઊંડામાં ઊંડો ત્યાં જીવને તદા. ૩

તેવા તેવાનું નિમિત્ત તેવા સંસ્કારનું તહાં,
આપમેળે પડી ચિત્તે નવું ઊભું કરે થયાં. ૪

નર્યા સંસારીનું જે કૈં નિમિત્ત, જીવને નર્યો
-શું જન્માવતું સંસાર કામક્રોધાદિથી ભર્યો ! ૫

સંસારે બંધને એવો જકડાતો ઊંડો જશે,
એવાનાં કોઈ નિમિત્તતણો પાર ન આવશે.
અનંતાનંત સંસારે માયામાં તે રમ્યો જશે. ૬

એક નિમિત્તથી ઊલટું વધારે છે નિમિત્તને,
અજ્ઞાની એકમાંથી તો ઊભાં કરે અનેકને. ૭

પૂરનાં વ્હેણમાં જેમ લાકડું કો તણાય છે !
એવી રીતે જ સંસારી નિમિત્તથી તણાય છે. ૮

જેવા પડેલ સંસ્કાર, જે પરાપૂર્વના મને,*
એવાં નિમિત્તામાં ડૂબી પોતે તણાઈ જાય છે. ૯

નિમિત્તામાં ઉમેરે છે, સંસ્કાર શા નવા નવા !
ભંડાર ભોગવીને શો ભરે સંસારી જીવતાં ! ૧૦

સંસારી કાજ 'નિમિત્ત' વજ્ર જેવું જ સજ્જડ,
નિમિત્ત વલણો પેરે એનું વર્તવું છે પથ. ૧૧

ભાન નિમિત્તામાં યોગ્ય સંસારીને કશું ન છે,
નિમિત્તમય સંપૂર્ણ સંસારી ગળી જાય છે. ૧૨

થવા કલ્યાણ પોતાનું નિમિત્તે શું રહસ્ય તે !
પડી ના કોઈને એની જીવદશા શી એવી છે ! ૧૩

નિમિત્ત લોક-સંસારી બીજાના દોષ નીરખે,
'લાગે કે વળગે ના કૈં પોતાને' એમ વર્તશે. ૧૪

અનેકે જાતનાં કેવાં નિમિત્તોયે જુદાં જુદાં,
નર્યા સંસારીને તેનો ભેદ તો પરખાય ના. ૧૫

●

---

* મનમાં

હરિઃૐ

## અધ્યાય : ૩

# શ્રેયાર્થી અને સંસારી

(અનુષ્ટુપ)

જીવદશાનું નિમિત્ત સંસાર ઉપજાવશે,
શ્રેયાર્થીતણું નિમિત્ત વિવેક તે સ્ફુરાવશે. ૧

જેવો પ્રકાર નિમિત્ત, તેવું સંસારીમાં ઊગે,
શ્રેયાર્થીનું ન તેવું છે, નોખો નિમિત્તાથી રહે. ૨

નિમિત્તમાંહી સંસારી સંસારી રીત વર્તશે,
શ્રેયાર્થી ત્યાં થવા ઊર્ધ્વ નિત્ય નિત્ય નવું મથે. ૩

નિમિત્તના પ્રવાહેથી આઘું સહેજેયે થવું
-સંસારીનું ગજું ત્યાં ના, શ્રેયાર્થીનું ન તેવું છે. ૪

તટસ્થતા શકે રાખી વર્તતાં જે નિમિત્તમાં,
એ જ શ્રેયાર્થી તો પાકો જાણવો નિશ્ચયે સદા. ૫

ડૂબી નિમિત્તમાં જાય, સંસારી શો પૂરેપૂરો !
કેવો સંગ્રામ શ્રેયાર્થી ખેલે નિમિત્ત સાથ તો ! ૬

મૂળે નિમિત્તનાં છોને પ્રકૃતિ હો પૂરેપૂરી,
પ્રકૃતિમાં પડી ર્‌હેવા ઇચ્છા શ્રેયાર્થીની નથી. ૭

નિમિત્તમાં બીજાને તો સંસારી નીરખે મને,*
જ્યારે નિમિત્તમાં ઊંડું શ્રેયાર્થી નિજને જુએ. ૮

---

* મનમાં

ભાન નિમિત્તમાં પોતે પોતાનું દિલ ધારીને,
શ્રેયાર્થી દોષ પોતાનો નિમિત્તે નીરખ્યા કરે. ૯

આપ નિમિત્તમાં પોતે, બીજું કો ના નિમિત્તમાં,
એમ અનુભવે કેવું શ્રેયાર્થી નિજ અંતરે ! ૧૦

વૃત્તિ નિમિત્તમાં પૂર્ણ સંસારી ભોગવી જીવે,
જ્યારે શ્રેયાર્થી વર્તે છે, નિમિત્તભાવ ધારીને. ૧૧

વૃત્તિ સંસાર ચોંટાડે, ભાવ સંસાર છોડવે,
સંસારી વળી શ્રેયાર્થી જુદા નિમિત્ત વર્તને. ૧૨

સંસારી ભેરવાયે છે, કેવો ઊંડો નિમિત્તમાં !
નિમિત્તમાંથી શ્રેયાર્થી જીવનશક્તિ કેળવે. ૧૩

નિમિત્તમાંથી સંસારી તરવા ના સમર્થ છે,
એમાં એનું ગજું ના છે, તેમાં ગરક થાય તે. ૧૪

ભાન નિમિત્તનું કાંઈ સંસારીને જરા નથી,
નિમિત્તે રાખવા ભાન શ્રેયાર્થી શો મથ્યા કરે ! ૧૫

ક્યાંય નિમિત્તનો પાર આવે સંસારીને ન ત્યાં,
શો નિમિત્તથી શ્રેયાર્થી મુક્ત થવા જતો મથ્યા ! ૧૬

પકડ પ્રકૃતિની જે જીવને વળગેલ છે,
નિમિત્તો મૂળ એનું તે, શ્રેયાર્થી ઓળખ્યા કરે. ૧૭

નિમિત્તની રીતે માત્ર જીવન સર્વ જીવતાં,
એ રીતે કિંતુ શ્રેયાર્થી વર્તે ના જ નિમિત્તમાં. ૧૮

બધું પ્રકૃતિનું મૂળ ઉચ્છેદવા નિમિત્તથી
-મુખ્યમાં મુખ્ય કર્તવ્ય તે જ શ્રેયાર્થીનું સહી. ૧૯

એવાં નિમિત્તના ભારે શા સંગ્રામ, મહારથી
-એવા શ્રેયાર્થી ખેલે છે, વેગળું માથું તો મૂકી ! ૨૦

પ્રકૃતિમૂળ સંપૂર્ણ કાપવાને નિમિત્તમાં,
સંસારીને કશું ભાન તેમાં ર્‌હેતું નથી કદા. ૨૧

શ્રેયાર્થી ભાનવાળો છે, સંસારી ભાન વિણ તે,
નિમિત્તો જે જીવે ભાવે તેને નિમિત્ત જ્ઞાન દે. ૨૨

નિમિત્તનું ઊંડું મૂળ પોતાનામાં જ નીરખે,
છતાં તે સંકળાયેલું રહે કેવું પરસ્પરે ! ૨૩

ધર્મ શ્રેયાર્થીનો મૂળ જીવને શો ખરેખરો !
પ્રકૃતિમૂળથી મુક્ત થવા કાજે પૂરેપૂરો ! ૨૪

નિમિત્ત એકનું એક છતાં શાં કેટકેટલાં !
બીજાં નિમિત્ત જન્માવે **જીવ** તે **આ** જ જન્મમાં ! ૨૫

શ્રેયાર્થીને નિમિત્તો ત્યાં બીજાં નિમિત્ત ના ઊગે,
નિમિત્તને જુદા ભાવે શ્રેયાર્થી ઉપયોગ લે. ૨૬

સંસારી તે પ્રવર્તે છે, સંસારી રીત તે વિશે,
શ્રેયાર્થી તેની રીતે તે નિમિત્તો પ્રસરે મને.* ૨૭

---

* મનમાં

નિમિત્તો મૂળ સંસ્કાર, જેવા સંસ્કાર જીવને,
ઉદય તે થતાં જેમ, તેમ વર્તન થાય છે.
આદર્શવાળું સર્વોચ્ચ ભાવથી ભર્યું જીવવા,
જીવને અભિલાષાઓ, તેવા સંસ્કાર પાડવા,
સંસારી માનવીનામાં એવી તાકાત કૈં ન છે,
શ્રેયાર્થી એકલો માત્ર તેવા સંસ્કાર કેળવે. ૨૮-૩૦

●

હરિઃૐ

## અધ્યાય : ૪

# નિમિત્તમાં શ્રેયાર્થીનું લક્ષણ

(અનુષ્ટુપ)

જીવન - ધ્યેય - હેતુની શ્રેયાર્થીને નિમિત્તમાં,
જીવતીજાગતી ર્‌હે છે શી તેજસ્વી સભાનતા ! ૧

ચેતાવવા જ આવે છે, શ્રેયાર્થીને નિમિત્ત તે,
માર્ગે દૃઢાવવા નિશ્ચે શ્રેયાર્થીને નિમિત્ત છે. ૨

ભૂલથાપ કદી થાય જતાં પારખવા હૃદે,
ચેતાવે છે છતાં એને ધ્યેય જાગૃતિ જીવને. ૩

ઊંડી ધ્યેય પરત્વેની જાગૃતિ શી નિમિત્તમાં
-જીવતી રાખી રાખીને, શ્રેયાર્થી ઝઝૂમે સદા ! ૪

જીવદશાનું નિમિત્ત તેમાં તેમાં ડુબાડશે,
કિંતુ નિમિત્ત તેવુંયે મળે શ્રેયાર્થીને જગે. ૫

શ્રેયાર્થી **જીવ**નું જ્યારે જીવને જે નિમિત્ત છે,
તેમાં તે ઘસડાતો ના, તરવાને મથે હૃદે. ૬

શ્રેયાર્થી તરતો ર્‌હેવા તેમાં કેવો મથ્યા કરે !
એવાને તેવું નિમિત્ત 'ભાવ' પ્રેર્યા કરે હૃદે. ૭

જ્ઞાન, વિવેકને જેઓ જેમાં તેમાં જ વાપરે,
તટસ્થતા શી તેવાને જીવને પાંગર્યા કરે ! ૮

તેવો શ્રેયાર્થી નિમિત્તે કદીક ડૂબી તો જતાં,
વિવેક દિલ જાગેલો તેને મથે ઉગારવા. ૯

ચેતેલા અગ્નિના જેવો અગ્નિ જે દિલનો જ છે,
એવો શ્રેયાર્થી નિમિત્તે કદી તણાઈ ના જશે. ૧૦

નિમિત્તે માત્ર શ્રેયાર્થી અભીપ્સા તીવ્ર જેની છે,
નિમિત્તે મેળવી લેવા યોગ્ય, એવો જ પાત્ર છે. ૧૧

ગમે તે જાતનું છો હો, ઊર્ધ્વ કે નિમ્ન છો ભલે,
કિંતુ શ્રેયાર્થી સૌ તેવાં નિમિત્તે ચેતતો, જીવે. ૧૨

કરે ભાવથી શ્રેયાર્થી ઉપયોગ નિમિત્તાનો,
વર્તતાં ઉપયોગથી અંતે સ્વામિત્વ મેળવે,
ઉપભોગ કરે તેવા નર્યા ગુલામીમાં સડે,
ભોગ જીવદશાને તો સજ્જડ જકડાવશે. ૧૩-૧૪

કહેલું એટલે તો છે જ્ઞાન તે ‘ઉપયોગ’ને,
છે ઉપયોગમાં હેતુતણું જ્ઞાન શું વર્તને ! ૧૫

શું ઉપયોગમાં પોતે ગમે તેવી પ્રવૃત્તિમાં
-સ્વાભાવિક રહે કેવો શ્રેયાર્થી મથતો સદા ! ૧૬

કદીક તે ડૂબે તોયે તેનું જ્ઞાન થયા કરે
-શ્રેયાર્થીને, કૃપાથી તે તેને નિમિત્ત દીપ છે. ૧૭

નિમિત્તમાંથી શ્રેયાર્થી પોતે કેવો જ શ્રેયને !
પોતે શો ખોળતો ર્‌હે છે, ઓળખી લે જ જાતને. ૧૮

મઠારવાનું શ્રેયાર્થી નિમિત્તથી કર્યાં કરે,
શ્રેયાર્થી મેળવે બોધ જ્ઞાન નિમિત્તથી હૃદે. ૧૯

આડુંઅવળું બીજું કૈં નિમિત્તમાં ન નીરખે,
એવો શ્રેયાર્થી ખંતીલો કેવો જાગ્રત જીવને ! ૨૦

જે નિમિત્તથી જાગેલો તેને લાભ નિમિત્તનો,
એવો જ માત્ર શો પાત્ર યોગ્ય શ્રેયાર્થી જે ખરો ! ૨૧

નિમિત્તમાંહી શ્રેયાર્થી જતો તણાઈ લાગતો,
છતાં નિરંતરે તેવો જતો મથ્યા જ લાગતો. ૨૨

નિમિત્તો ભાવથી ઊંડું ત્યાં મથ્યા કરીને હૃદે,
ઊંચે શો ચઢવા ઝંખે પ્રકૃતિના નિમિત્તથી. ૨૩

શ્રેયાર્થીને શું નિમિત્ત મળવાથી જ જીવને !
યોગ્યાયોગ્યતણું ભાન આપમેળે સ્ફુર્યાં કરે. ૨૪

નિમિત્તમાંથી એવાને ગુણ ને ભાવ જીવને
પાંગરતા જતા, પોતે તે અનુભવતો હૃદે. ૨૫

નિમિત્ત તરવા માટે ઉત્તમોત્તમ સાધન,
શ્રેયાર્થી જ્ઞાનભાવે શું જાણતો નિજ જીવન ! ૨૬

જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા બળવાન છે,
તેવો નિમિત્ત સંસ્કાર કાપવા શો સમર્થ છે ! ૨૭

●

હરિઃૐ

## અધ્યાય : ૫

# શ્રેયાર્થીનો સંગ્રામ

(અનુષ્ટુપ)

કામાદિથી થવા મુક્ત શ્રેયાર્થીને નિમિત્ત છે,
દૃઢાવવા **હરિભાવ** શ્રેયાર્થીને નિમિત્ત છે. ૧

નિમિત્તમાંથી સંગ્રામો ઉત્કટ ને ભયંકર
-શ્રેયાર્થીને જ પ્રત્યક્ષ જીવને શા ખડા થતા ! ૨

કેવો સંસારી બંધાતો જતો હોય નિમિત્તમાં !
શ્રેયાર્થી છૂટવા ભારે મથે નિમિત્તથી સદા. ૩

શ્રેયાર્થી માથું મૂકીને સંગ્રામે જીતવા મથે,
જ્યારે સંસારી નિમિત્તે ડૂબતો જાય છે ઊંડે. ૪

કદી છક્કડ ખાતો છે. શ્રેયાર્થી શો નિમિત્તમાં,
શી સભાન કરાવે છે, ધ્યેયકેરી સભાનતા ! ૫

નિરાશામાં નિમિત્તે શો શ્રેયાર્થી ત્યાં પડી જતાં !
નિમિત્ત પ્રકૃતિ માત્ર એનું છે કારણે તદા. ૬

નિમિત્તમાત્રનાં મૂળ પ્રકૃતિને વિશે જ છે,
નિમિત્તનું ખરું મૂળ કારણ પ્રકૃતિ જ છે. ૭

બંધાયેલું પૂરેપૂરું પ્રકૃતિથી નિમિત્ત છે,
શ્રેયાર્થીને થવા મુક્ત પ્રકૃતિથી નિમિત્ત છે. ૮

શ્રેયાર્થી કેટલી વાર ઊંધે પાટે ચઢી જશે,
નિમિત્ત કારણે તેવો ખાય છે પછડાટ તે. ૯

મૂળ પ્રકૃતિનું જોશ શ્રેયાર્થીને નિમિત્તમાં
-કરે બરાબરી શી તે ! માગે કેવું હરાવવા ! ૧૦

અનેક જાતનાં કેવાં ! શાં અનંત પ્રકારનાં !
એકબીજાથીયે જુદાં ને સત્ અસત્ તણાંય શાં !
અસલ પ્રકૃતિ મૂળે રમે નિમિત્તમાં છતાં
-શ્રેયાર્થીને થવા તાબે મથાવે છે નિમિત્ત ત્યાં. ૧૧-૧૨

પ્રકૃતિનાં નિમિત્તો તો કેવાં દર્શન થાય છે !
ત્યારે પ્રકૃતિને તાબે શ્રેયાર્થી ના થવા મથે. ૧૩

પ્રકૃતિનાં જ મૂળેથી નિમિત્ત સર્વનાં ઊગે,
સામનો કરી ત્યાં ભાવે શ્રેયાર્થી બળ મેળવે. ૧૪

સાધનાભ્યાસમાં ભાવ જેમ જેમ બઢ્યા કરે,
મથે ત્યાં જોશથી પાછો પ્રકૃતિને હઠાવવે. ૧૫

દ્વંદ્વાતીત, ગુણાતીત નિમિત્તના પ્રકાર છે,
નિમિત્તમાં શી છે માત્ર પ્રકૃતિ મૂળમાં જ તે ! ૧૬

લડતાં લડતાં યુદ્ધ અનેક જાતનાં પથે,
સંપૂર્ણ દાખવી હામ શો પુરુષાર્થ તે કરે ! ૧૭

શા પુરુષાર્થ એવામાં સંગ્રામે તે નિમિત્તના
-પડે પાછો, છતાં પોતે લડ્યા કરે જ હારતાં ! ૧૮

લડતાં લડતાં શક્તિ નિમિત્ત સાથ જીવને,
કેવી મેળવતો જાય, શ્રેયાર્થી નિજ અંતરે ! ૧૯

નિમિત્ત ઊગતાં પાછું તે સાથ જોશ વાપરે,
વાપરી વાપરી શક્તિ, વધાર્યાં શક્તિ શું કરે ! ૨૦

જીવનધ્યેય ઊગ્યું છે, શ્રેયાર્થીને ખરેખરું,
તેથી તેને રહે કેવો પોતાને ભાવ અંતરે ! ૨૧

કોઈ પ્રબળ નિમિત્ત ઉત્કટ, ગાઢ હોય જે,
શી મથામણ ત્યારે તો શ્રેયાર્થીને થતી રહે ! ૨૨

મંથને, ચિંત્‌વને ત્યારે ઊંડામાં ઊંડું અંતરે,
નિમિત્તમાં ઊંડા ભાવે શો તે નીતરતો રહે ! ૨૩

સાધન માત્ર છે ‘ભાવ’, જે તે સૌથી તરાવવા,
શો જિજ્ઞાસાગ્નિ તેવાનો સામનો કરતાં બઢે ! ૨૪

કેવા નિરંતરે એવા સંગ્રામમમાં નિમિત્તના !
ઝઝૂમતો રહેવાથી તેની શક્તિ શી પાંગરે ! ૨૫

અનંત વૃત્તિ સંસ્કારે નિમિત્ત શાં અનેક છે !
જાગતો ત્યાં રહેવાને શ્રેયાર્થી બળવાન છે. ૨૬

એવો જીવનનો યજ્ઞ શ્રેયાર્થીનો અખંડ છે,
નિમિત્ત પ્રકૃતિની તે સમર્પી આહુતિ જીવે. ૨૭

જેવી નિમિત્તની વૃત્તિ, સંસ્કાર જે પડેલ છે,
તે રીતે તે ન વર્તે છે, તેનું પ્રયાણ ઊર્ધ્વ છે. ૨૮

બળવાન થતાં હૈયે અંતર શક્તિ જે બઢે,
વાપરી વાપરી એને જુદો નિમિત્તથી ચઢે. ૨૯

જતાં ઓળખતાં એમ, કેવી પારખ જીવને
-પડે નિમિત્તની ત્યાં શી શ્રેયાર્થીને નવી રીતે ! ૩૦

નિમિત્તમાંથી શીખે છે, શ્રેયાર્થી તો નવું નવું,
*જ્ઞાન અંતરનાથી તે પારખે છે નિમિત્તને. ૩૧

નિમિત્તમાં દૃઢાવે તે **હરિ**નો **ભાવ** જીવને,
નિમિત્ત જીવને તેને બક્ષ્યાં સમૃદ્ધિ શી કરે ! ૩૨

સારાં ને નરસાંયે છે નિમિત્ત, તે છતાં હૃદે
-ઉભય માત્ર વિશે તે હેતુ ફળાવવા ચહે. ૩૩

નિમિત્તમાંથી પોતાનું પ્રતિબિંબ જણાય છે,
શ્રેયાર્થીને પૂરેપૂરું, વળી દોષ થયેલ જે. ૩૪

શ્રેયાર્થીને થતું પ્રાપ્ત નિમિત્ત એવું કોઈક,
શ્રદ્ધા ને આત્મવિશ્વાસ જેથી એનાં બઢે દિલ. ૩૫

છે કેટલાંક નિમિત્ત એવાં કે જે ઊંઘાડી દે,
ને કેટલાંક નિમિત્ત ડુબાડે છેક શાં નીચે ! ૩૬

કોક તો વળી એવાં કે જેથી ઝગમગાય છે,
કોક તો તોડીફોડીને સફાચટ બધું કરે. ૩૭

પ્રકૃતિથી થવા મુક્ત શ્રેયાર્થીનો જ ધર્મ છે,
ધર્મ આચરતાં પૂર્ણ સ્વીકારે પણ મૃત્યુ તે. ૩૮

•

* સમજણ

હરિ:ૐ

## અધ્યાય : ૬

# શ્રેયાર્થીનો દુર્ગમપથ

(અનુષ્ટુપ)

અનંત શા પ્રકારે છે, નવાં નવાં નિમિત્ત જે,
મથે ભુલાવવા એને સ્વરૂપે શાં નવે નવે ! ૧

શ્રેયાર્થી જાગતો ર્‌હેવા નિમિત્તામાં સદા મથે,
તેમ તે પ્રકૃતિ મૂળ જાણે નિમિત્તામાં જ તે. ૨

નિમિત્ત કારણે ઊંડી અનંતાનંત પ્રકૃતિ
-તણું સ્ફુરતું ર્‌હે છે જે, જ્ઞાન શ્રેયાર્થીને દિલે. ૩

નિમિત્તાની પડેલી છે, લઢણ જે પ્રકારની,
પરોવાતો ન તે રીતે શ્રેયાર્થી કદી જીવને. ૪

દૈવાસુર સ્વરૂપે છે, કેવાં નિમિત્ત જીવને !
પડે ઓળખવાં તેને સ્વરૂપે તે જ જીવને. ૫

ભુલભુલવણી કેવી એવી નિમિત્તાની બધી !
થતો ર્‌હે ગૂંચવાડો શો શ્રેયાર્થીને પથે કદી ! ૬

પડી જતાં ભૂલો એવો નિમિત્ત જંગલે, છતાં
-પોતાની જાગૃતિ એને સુઝાડે પંથ સર્વદા. ૭

નિમિત્તો અટવાઈને ગમ શ્રેયાર્થીને પૂરી
-બંધબેસતી લાગે ના, ત્યાં શ્રેયાર્થી ઊભો રહે. ૮

વિચારી અંતરે ઊંડું ચિંતન ધ્યેયનું કરે,
આર્તનાદે હૃદે ઊંડા પોકારી **હરિ**ને સ્તવે. ૯

આર્તનાદ ઊંડો એવો શ્રેયાર્થીને તરાવવા
બળવાન, મહાભારે, નિમિત્ત બળવાન છો. ૧૦

અનંતાનંત કેવાંયે છો હો, નિમિત્ત જીવને,
અંતરે ભક્તિનો ભાવ બઢંતાં, હળવાં થશે. ૧૧

મૂળે પ્રકૃતિ નિમિત્તો શા સંસ્કાર નિમિત્તાના,
તે તે સ્વરૂપના, કેવા પડે છે ચિત્તમાં ઊંડા ! ૧૨

બળવાન મહા તેવા છે સંસ્કાર નિમિત્તાના,
ભયંકર શું તેનું છે જોશ, છે જેમ પૂરમાં ! ૧૩

પ્રચંડ જોશ એવાની સામે ત્યાં સામનો થતાં,
આવે છે ખેલવાના શા સંગ્રામ તે નિમિત્તાના ! ૧૪

નિમિત્ત વર્તને તેવા શ્રેયાર્થી નિજ અંતરે,
નિમિત્તે ના ગળે પોતે નોખો શો જીવવા ચહે ! ૧૫

છે કેટલાંક નિમિત્ત કે જે શ્રેયાર્થીને હૃદે,
પાનો ચઢાવી ઉત્સાહ, પ્રેરણા, જોશ, શક્તિ દે. ૧૬

દેવ પ્રકારનું એવું નિમિત્ત જાણવું ઘટે,
પ્રેરતું વિઘ્ન, મુશ્કેલી, વિરોધો તે અસુર છે. ૧૭

શા દૈવાસુર સંગ્રામ લડવા શ્રેયાર્થીને પડે,
લડતાં લડતાં હારે, પથે પડે કદીક તે. ૧૮

છતાં પાછો ઊભો થાય, શો ફરી ફરી તે પડે !
એવાં અનેક નિમિત્તો તેને આવરવા મથે. ૧૯

પ્રકાશ ધૂંધળો એને મથામણથી સાંપડે,
એના તે અજવાળાથી શોધતો પથ તે રહે. ૨૦

શ્રેયાર્થીને શું નિમિત્ત, જીવને શીખવ્યા કરે !
નિમિત્તમાંથી શ્રેયાર્થી નવું જીવન શું રળે ! ૨૧

વધે છે જેમ સંગ્રામ વિસ્તાર સૂક્ષ્મ અંતરે,
નિમિત્ત પણ ત્યારે તો સૂક્ષ્મ પ્રકારનાં થશે. ૨૨

પોતે શી શી રીતે ખેલ્યો અનંતાનંત જીવને,
તેનું નિમિત્તામાં ભાન શ્રેયાર્થીને સ્ફુરે હૃદે. ૨૩

ઊંડે ઊતરતો ઊંડે એમ શ્રેયાર્થી શો જતો !
તેમ પ્રકૃતિથી મોળો શો પડતો જતો પથે ! ૨૪

પડે વલણ જ્યાં મોળું પ્રકૃતિનું નિમિત્તાની,
અંતરશક્તિ સુષુપ્ત મોખરે થાય શી છતી ! ૨૫

અનંત જન્મના એવા સંસ્કારોનાં નિમિત્ત જે,
એક જ જન્મમાં કો ના કાપવા શક્તિમાન છે. ૨૬

અનેકાનેક તો જન્મ મથતાં મથતાં સદા,
સંસ્કારો બઢતા કેવા જાય છે ઊર્ધ્વ પંથના ! ૨૭

અનેકાનેક તો જન્મ લેવા પડે જ જીવને,
નિમિત્તો ધ્યેયનું ભાન રાખી જીવંત, તે રળે. ૨૮

અનંતાનંત જે સૂક્ષ્મ ભૂમિકા પ્રકૃતિની છે,
નિમિત્તો તે છતી થાય, તેને શ્રેયાર્થી પારખે. ૨૯

અનેકાનેક એવા જે ખેલતો ખેલતો સદા,
સૂક્ષ્મથી સૂક્ષ્મ સંગ્રામો, વિકસે તે નિમિત્તમાં. ૩૦

ચઢવા શિખરે ઊર્ધ્વ ઉત્તમોત્તમ સાધન
-'નિમિત્ત', ચઢિયાતું છે કેવું શ્રેયાર્થી જીવન ! ૩૧

**हरि** પરત્વેનો ભાવ રળવાને જ જીવને
-નિમિત્તમાંથી શ્રેયાર્થી સાર તેવો ગ્રહ્યા કરે. ૩૨

ઊર્ધ્વ જીવન સંસ્કાર એ રીતે રળતાં પથે,
એમાંથી ગતિ ઉત્પન્ન **हरि** પ્રત્યેની થાય છે. ૩૩

નિમિત્ત વલણોમાંથી થવા મુક્ત બધી રીતે
-શ્રેયાર્થીની ઘટે હોવી તત્પરતા શી જીવને ! ૩૪

ગમે તેટલી તૈયારી શ્રેયાર્થીની ભલે હશે,
કિંતુ નિરાગ્રહી - પૂર્ણ - અનાસક્ત થયા વિના
-કોઈ વલણથી મુક્ત કદી કાળ થવાય ના,
તેથી શ્રેયાર્થીને હૈયે નિજ અભ્યાસમાં સદા
-નિરાગ્રહી, અનાસક્ત શો થવા પર ઝોક ત્યાં ! ૩૫-૩૬

●

હરિ:ૐ

## અધ્યાય : ૭

# શ્રેયાર્થીનો વિવેક

(અનુષ્ટુપ)

નિમિત્ત નિત્યનું લાગ્યું જીવને પ્રાપ્ત થાય છે,
ફેરફાર ન એમાં તો થવાનો કૈં જરા ન છે. ૧

તેથી નિમિત્તને હૈયે તત્પર આવકારવા,
શ્રેયાર્થી નિત્ય ભાવે શો રહે જાગ્રત દિલમાં ! ૨

જીવન પાંગરવાને નિમિત્ત જીવને મળે,
શ્રેયાર્થી ત્યાં ઘડાવાને ધારે જીવંતું ભાન તે. ૩

કેવો શ્રેયાર્થી નિમિત્તે પરોવાઈ જતો ઊંડો
-નિમિત્ત કર્મમાં ભાન ધારીને નિત્ય જીવતો ! ૪

થતાં ખંડિત તો ભાન શ્રેયાર્થી જેવું ના બીજું,
-અપરંપાર કેવું તે ! મથે જે જાણતો ખરું. ૫

નિમિત્તે મથનારું કો શ્રેયાર્થી જેવું ના બીજું,
માને નિમિત્તનો પોતે શ્રેયાર્થી ઉપકાર શું ! ૬

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શ્રેયાર્થી નિમિત્ત વર્તને સદા,
ત્યાગ ને પરમાર્થે શો પાછો ઉત્કૃષ્ટ તે સદા ! ૭

નિમિત્તો કોયડા છોને હો ભયંકર, દુષ્કર,
કિંતુ શ્રેયાર્થીની બુદ્ધિ વળવા પ્હોંચી તત્પર. ૮

નિમિત્તમાં ગમે તેવું પછાડે પાછું એવું હો,
કિંતુ શ્રેયાર્થી છે પોતે યોદ્ધો પરાક્રમી જ શો ! ૯

નિમિત્ત વલણોમાંથી પ્રીછી નિજ સ્વભાવને,
એને મઠારવા કેવો ખંતીલો, દૃઢ હોય છે ! ૧૦

નિમિત્તમાં ભલેને હો યદ્વાતદ્વાપણું, છતાં
-ના લે ચલાવી શ્રેયાર્થી, મથે યોગ્ય કરાવવા. ૧૧

કેડી પાડે નવી, પાડે શાં પગલાં નવાં નવાં !
બુદ્ધિ શ્રેયાર્થીની દક્ષ કેવી પાર મથે જવા ! ૧૨

પ્રત્યેક સર્વ જે તે કૈં કેવો શ્રેયાર્થી તત્પર
-જે તે સમર્પવા કાજે હર્ષ ઉન્માદથી દિલ ! ૧૩

યજ્ઞ શ્રેયાર્થીનો કેવો નિમિત્ત કર્મના વિશે
-ભાવ સભર શો હેતુપૂર્વક ચાલતો હૃદે ! ૧૪

અનંત જાતના એવાં નિમિત્ત વર્તને હૃદે
-આદરાતા જતા યજ્ઞ, શ્રેયાર્થીના જ જીવને. ૧૫

આહુતિ અર્પી અર્પીને નિરંતરે અખંડિત,
નિમિત્તો યજ્ઞ જ્વાળાથી શુદ્ધિ પ્રેરાવતો દિલ. ૧૬

નિમિત્તમાંય છે ગૂઢ શી મુલાયમતા ખરી !
તેનાં વલણનેય તે નિશ્ચે શકાય ફેરવી. ૧૭

ધ્યેયના હેતુની ધૂને શ્રેયાર્થી જે મથ્યા કરે,
તેમ નિમિત્તને તેના મૂળથી ફેરવી શકે. ૧૮

નિમિત્ત વલણો રીતે શ્રેયાર્થી નહિ વર્તશે,
નિમિત્તથી ફળાવાને ધ્યેય હેતુ સદા મથે. ૧૯

કેવો શ્રેયાર્થી નિમિત્તો નમ્રતા દિલ ધારીને
-ધ્યેય હેતુ ફળાવાને નિમિત્તો ધારણા ધરે. ૨૦

નિમિત્ત વલણો મૂળે પ્રકૃતિ પાસ સજ્જડે,
નિમિત્તથી ફળાવાતાં હેતુ, પ્રકૃતિ મોળી જે. ૨૧

નિમિત્તો ગૂંચવાડાયે કેવા કેવા જ ઉદ્ભવે !
નાસીપાસી જ જન્માવી ગાડું પાછળ ફેરવે. ૨૨

કિંતુ શ્રેયાર્થીની બુદ્ધિ નિમિત્તો ધ્યાન હેતુનું
-જીવંતું રાખવાથી તે ચેતેલી થઈ હોય શું ! ૨૩

નિવેડો લાવવા તેથી હોશિયાર થયેલ છે,
એમાં તોફાન ફૂટેલાં નિમિત્તો, બુદ્ધિ શી હણે ! ૨૪

જે હો સ્વરૂપ પ્રત્યક્ષ નિમિત્તતણું જીવને,
આવી પડેલું છે તેને શ્રેયાર્થી તે રૂપે ન લે. ૨૫

ગમે તેવાં નિમિત્તોયે શ્રેયાર્થીને ઊંડે હ્રદે,
એક માત્ર જ હેતુનું જ્ઞાનભાન ઝર્યાં કરે. ૨૬

'ફેંકે પછાડીને પાછા' નિમિત્ત એવુંયે મળે,
ત્યાંયે ઝઝૂમવા ભીડે શ્રેયાર્થી હામ અંતરે. ૨૭

શાં શાં નિમિત્તમાંનાં જે વલણોથી સ્વભાવને
-શ્રેયાર્થી પારખી લે છે, એનાથી પડવા જુદે. ૨૮

હલમલાવી દે એવાં નિમિત્ત સાંપડે પથે,
છક્કા જાણે છૂટી જાય, છતાં શ્રેયાર્થી ના ડગે. ૨૯

હારે, પાછો પડે, તોયે પૂરો ઝઝૂમવા પથે,
શી તાલાવેલીવાળો તે ! પાનો શો લઢતાં ચઢે ! ૩૦

મંડાણ શું કરે પાક્કું છતાં તે તૂટી જાય છે,
એવાં નિમિત્તનાં વ્‌હેણે શ્રેયાર્થી પછડાય છે.
થતાં જાગ્રત ના એને કશી ત્યાં વાર થાય છે,
નિમિત્તમાંથી લેવાને તે ટેવાયેલ બોધને. ૩૧-૩૨

'અસુરો દેવનું રૂપ ધારે' એવાં નિમિત્તાયે,
જીવને પ્રગટી છાનું શ્રેયાર્થીને શું ભોળવે ! ૩૩

છેતરાઈ જતો ત્યારે તેવાં નિમિત્તમાં પથે,
વિચારો, વૃત્તિ જે જાગ્યે શ્રેયાર્થી ચેતી જાય છે.
અમૃત ઘૂંટડા પીવા જેવાં નિમિત્ત જીવને
મળંતાં, શક્તિ, ઉત્સાહ વાપરે હેતુ-સિદ્ધિમાં. ૩૪-૩૫

●

હરિ:ૐ

## અધ્યાય : ૮

# શ્રેયાર્થી અને અનુભવી

(અનુષ્ટુપ)

નિમિત્ત સહુ કોઈને મળ્યા કરતું જીવને,
નિમિત્તથી જ હેતુને લક્ષ ફળાવવા જ છે.
કિંતુ શ્રેયાર્થી જે સાચો ભૂલે છે તે ન હેતુને,
સન્મુખતા સદા કેવી રાખ્યા તેજસ્વી તે કરે ! ૧-૨

અનેક જાતનાં કેવાં નિમિત્ત જીવને મળે,
તેથી તારવવાનું તે હેતુલક્ષી જ જ્ઞાન તે,
કોઈક વિરલા વીર કરી તે શકવા હૃદે
-ભાગ્યશાળી થતા કેવા ! જીવ્યાં જીવન તે ખરે. ૩-૪

નિમિત્ત ના ફળાવ્યું છે, નિમિત્ત ધ્યેય હેતુને
-મથ્યો ફળાવવા કેવો ! કોણ જાણી શકે જ તે ?
આડુંઅવળું છોને હો નિમિત્તનું જ કર્મ તે
-કિંતુ તેમાંય હેતુનું જ્ઞાનભાન ધરાવ્યું છે. ૫-૬

સંપર્ક દિલ સંબંધ હેતુભાનથી જાગતાં,
તેમાં સભાનતા જાગી જતાં જતાં હૃદે તદા,
નિમિત્ત છો ગમે તેવાં મળે તોય, હૃદે ઊંડું
-ધ્યેય હેતુતણું ભાન કદી એવો ન ચૂકતો. ૭-૮

સંસાર યોગ્ય મર્યાદાશીલ વર્તનમાં ખરે,
ધ્યેય ફળાવવાયુક્ત તત્પર યોગ્ય વર્તને.
શ્રેયાર્થી જીવને જોઈ વિચારી વર્તતો ખરે,
**અનુભવી**નું તેવું તો હોતું ના કશું જીવને. ૯-૧૦

શ્રેયાર્થી દાખલો લેવા જેવો યોગ્ય નિમિત્તમાં,
વિવેક ગુણભાવે શો વર્તને યુક્ત સર્વદા !
જ્યારે **અનુભવી**નું તો વિવેક ગુણથી ભર્યું
-વર્તન યોગ્યતાયુક્ત કદી હોતું નથી કશું. ૧૧-૧૨

અનુભવીનું ઠેકાણું નિમિત્તે વર્તવાતણું,
આમ કે તેમ કો રીતે કહી શકાય ના કશું. ૧૩

જ્યારે શ્રેયાર્થીનું યોગ્ય વર્તવાનું નિમિત્તમાં,
જીવન કરવા ઊર્ધ્વ તેનું વર્તવું ત્યાં સદા. ૧૪

ધારાધોરણ એનેયે અનોખા, કિંતુ ઢંગનું
-ઠેકાણું આપણી રીતે એનું હોતું નથી કશું. ૧૫

તેવો ને તેટલો યોગ્ય શ્રેયાર્થી પૂર્ણ વર્તને
-બરાબરી નિમિત્તે તે *જ્ઞાનીની ના કરી શકે. ૧૬

●

* अनुभवी

હરિ:ૐ

## અધ્યાય : ૯

# નિમિત્તમાં અનુભવી

(અનુષ્ટુપ)

જીવદશાનું નિમિત્ત, શ્રેયાર્થીનું નિમિત્ત ને,
અનુભવીનું નિમિત્ત, ત્રણે પ્રકાર ભિન્ન છે. ૧

નિમિત્તમાં ધરાવે જે ઊંડું જ્ઞાન ખરેખરું,
તેવા તો માત્ર સંસારે એક અનુભવી જ શું ! ૨

કેવું અજ્ઞાનીને બાંધે જકડે છે નિમિત્ત તે !
જ્ઞાની નિમિત્તમાં મુક્ત, તેને વધે, ઘટે ન તે. ૩

અનુભવીનું નિમિત્ત જુદા પ્રકારનું ખરે,
સરખાવી શકાયે ના શ્રેયાર્થી સાથ તેહને. ૪

અનાદિ કેવું નિમિત્ત ! પ્રકૃતિ શી અનાદિ છે !
શી અનુભવીમાં ગૌણ પ્રકૃતિ તો રહેલ છે !
તેથી નિમિત્ત તેનેયે, કિંતુ પ્રકૃતિની રીતે
-અનુભવી ન બંધાતો તેવાં નિમિત્તમાં કશે. ૫-૬

અનુભવીનું કર્તવ્ય નિમિત્તો કરી જીવને
**જીવ**ને શો **હરિભાવ** મહત્ત્વે પ્રગટાવવો !
પ્રકૃતિથી જ તે લે છે તેને માધ્યમ રાખીને,
જેવો પ્રકાર નિમિત્તો, અનોખો તે છતાં હૃદે. ૭-૮

તાબે પ્રકૃતિ **એ**ને છે, સાધન માત્ર તે જ છે,
ત્યાં શી **પુરુષ**ને તાબે પ્રકૃતિ વર્તમાન છે. ૯

નિમિત્ત મૂળમાં જેમ પ્રત્યક્ષ પ્રકૃતિ જ છે,
તેથી નિમિત્તાયે તાબે તે અનુભવીને જ છે. ૧૦

ચિત્તો નિમિત્તનાથી તે ના અનુભવીને કશા
-પડે સંસ્કાર એવા કૈં નિમિત્તના પ્રકારના. ૧૧

પરાપૂર્વતણું ભાન નિમિત્ત ઊગતાં હ્રદે
-જાગે અનુભવીને ત્યાં સ્પષ્ટ પ્રત્યક્ષ જીવને. ૧૨

આગળ પાછળે જે છે પરાપૂર્વનું ચિત્ર જે,
નિમિત્તના જ સંબંધે તે અનુભવીને ઊગે. ૧૩

જે અનુભવીકેરા છે સંસ્કાર, કિંતુ તે બધા
-મોળા પડેલ સંપૂર્ણ દગ્ધ બીજ સમા બધા. ૧૪

સર્વ સંસ્કાર નિમિત્તો જે અનુભવીને હ્રદે,
કિંતુ સંસ્કાર તેવા તે બાંધી શકે ન એહને. ૧૫

એવા જે સર્વ સંસ્કાર તે અનુભવીના બધા,
દ્વંદ્વાતીત ગુણાતીત ભૂમિકાના ખરેખરા. ૧૬

**જીવદશા**તણા જેવા તે સંસ્કાર ન જાણવા,
પ્રકૃતિને વીંધે તેવા તે સંસ્કાર પ્રમાણવા. ૧૭

તેવા સંસ્કાર પ્રેરાવા શી અભિમુખતા હ્રદે,
**હરિ** પરત્વેની ઊંડી ! ચેતનાત્મક શા ખરે ! ૧૮

તેમાં **જીવદશા**કેરી **જીવ** વૃત્તિ કશી ન છે,
ગુણ શો ચેતનાકેરો વર્તાયેલ રહેલ છે ! ૧૯

તે ઉપરથી લાગે છે **જીવદશા**ની રીતથી
-વર્તતો લાગતો, તોયે તેવો તે મુદ્દલે ન છે. ૨૦

કિંતુ નિમિત્તાને લીધે જેનું નિમિત્ત તે વિશે
-સંકળાવા પ્રવેશાવા **એ**નો હેતુ જ હોય છે. ૨૧

નિમિત્તાને લીધે માત્ર અનુભવીની જીવને
-બધી હિલચાલો છે, તે વિના સ્થિર આપ તે. ૨૨

નિમિત્તાથી જીવે તોયે નિમિત્તાથી સ્વતંત્ર છે,
શો નિમિત્ત પ્રમાણે તે છતાં વર્તતો જીવને ! ૨૩

કેવો હેતુ નિમિત્તે છે, જીવને વર્તવાપણે
-તેની જાણ પડે મેળે શી અનુભવીને હૃદે ! ૨૪

શો કુદરતનો હાથ છુપાયેલો નિમિત્તામાં
-કેવો પારખી લે ગૂઢ રીતે અનુભવી તદા ! ૨૫

નિમિત્ત છો ગમે તેવું છતાં તેમાં અનુભવી
-અખંડાકાર ભાવે શો રમે નિમિત્તામાં જીવી ! ૨૬

ભલે નિમિત્ત, નિમિત્ત કિંતુ તેમાં અનુભવી,
નિમિત્તે ગુણધર્મે જે ચેતનાના રમે વળી. ૨૭

કેવું અનુભવીને તે નિમિત્ત ઈશ સાધન !
જે અભિમુખતા કર્મ તેથી સાંપડતું દિલ. ૨૮

તાળું ‘નિમિત્ત’ વાસેલું, તિજોરી અકબંધ છે,
મુકાયાં જાય છે નાણાં તેમાં અનેકવિધ તે.

યોગ્ય ચાવી કને જેની તેવો જ ખોલી તે શકે,
માત્ર અનુભવીની શી તે કાજે લાયકાત છે ! ૨૯-૩૦

નિમિત્ત ચોકઠું સાવ સજ્જડ કોઈ રીત ના,
પલટાવી શકાયે તે, જો હો પ્રચંડ ભાવના. ૩૧

સ્પૃહા ને નિસ્પૃહાવાળો એક સંગાથ ઉભયે
-કેવો નિમિત્તમાં દક્ષ તે અનુભવી હોય છે ! ૩૨

કેવી જાગૃતિ સંપૂર્ણ ખબરદારી જીવને !
ટટારી ને ખુમારી શી અનુભવીની હોય છે ! ૩૩

અનુભવીની ખુમારી નિમિત્તો મસ્ત હોય જે,
સંસારી મનથી તેને યોગ્ય ના સમજી શકે. ૩૪

અભિમાની જ તેવાને કેવો તો લોક માનશે,
લેવાનો લાભ મૂકીને ગેરલાભ ઉઠાવશે. ૩૫

છે અનુભવીકેરો શો ગુણ તાદાત્મ્યનો ખરો,
નિમિત્તમાં જ તેથી તે તે તદાકાર **एक** શો ! ૩૬

નમ્રમાં નમ્ર સંપૂર્ણ પૂરેપૂરા થતાં હૃદે,
પ્રવેશવાની તાકાત નિમિત્ત હૃદે સાંપડે. ૩૭

એકબીજાંની સંગાથે સંકળાયાની ભાવના
-નિમિત્ત કારણે કેવી છતી વ્યક્ત થતી તદા ! ૩૮

મૂળ કારણ તેનું જે કોઈને તે જણાતું ના,
માત્ર અનુભવી **एक** કેવો તે યોગ્ય જાણવા ! ૩૯

•

હરિ:ૐ

## અધ્યાય : ૧૦

# અનુભવીની લીલા

(અનુષ્ટુપ)

રંગાયેલી **હરિભાવે** પ્રકૃતિ જે નિમિત્તાની
-અનુભવીની એવી જે, **જીવ**ની પ્રકૃતિ ન છે. ૧

પ્રકૃતિ **જીવદશા**ની જે, અનુભવીની પ્રકૃતિ
-શો ફેરફાર બન્નેમાં આસમાન જમીનનો ! ૨

એક પ્રકૃતિ બાંધે છે, બીજી પ્રકૃતિ મુક્ત જે
-અનુભવીની છોડાવા માગે જીવન પાશ તે. ૩

**તે** નિમિત્ત પ્રમાણે તો અનુભવી પ્રવર્તશે,
દેખીતો દોષ જો તેમાં છતાં સંપૂર્ણ તે વિશે.
નિર્દોષતા શી ત્યાં પાછો કેવો નિર્મળ હોય તે !
એવાના દોષ તેવામાં અન્યથાપણું કૈં ન છે. ૪-૫

કાંઈ અયોગ્ય દેખીતું એવાનું જે જણાય છે,
નિમિત્તાના પ્રકારે તે તેમાંનું તેમ હોય છે. ૬

અનુભવીતણા એવા તેવા નિમિત્ત જીવને,
પ્રકાર લોભ મોહાદિતણોયે કદી હોય છે. ૭

સ્વામી અનુભવી પોતે શો સત્ અસત્‌તણો પૂરો !
સત્ અસત્ સહુનામાં તે પ્રવર્તેલ **હરિ** જ શો ! ૮

નીતિ અનીતિ તો દ્વંદ્વતણો કેવો પ્રકાર તે !
તેવાં નિમિત્તમાં હોવા છતાં અસ્પૃષ્ટ તેથી છે. ૯

લોભ મોહાદિનાં તેવાં નિમિત્ત હોય છે, છતાં
-પોતે સંપૂર્ણ નિર્મોહી નિર્લોભી શો કરે તર્યાં ! ૧૦

નિમિત્ત ના અજાણ્યું છે, તે અનુભવીને હૃદે,
અજાણ્યો હોય તે તેમ સંસારે વર્તતો દીસે. ૧૧

છતાં પાછો ન ત્યાં દંભ, સ્વાભાવિકપણે જ તે
-વર્તતો હોય શો પોતે ! એવો એનો સ્વભાવ છે. ૧૨

સ્વાભાવિકપણે ભૂખ માનવીને શું જાગતી !
આંતર પ્રક્રિયા દ્વારા લાગતી તે સ્વભાવથી. ૧૩

તેવું સહજતાનું છે, આપોઆપ સ્વભાવથી
-આત્માનો તે સ્વભાવે શો પ્રત્યક્ષ ગુણધર્મ છે ! ૧૪

શ્વાસોશ્વાસ શું ચાલે છે, આપોઆપ સ્વભાવથી
તેમ સહજતાનું છે ધોરણ, સ્વ-સ્વભાવથી. ૧૫

હવાનું જેવું અસ્તિત્વ આપોઆપ જ હોય છે,
તેમ સહજતા જાણો આત્માનો તે સ્વભાવ છે. ૧૬

પ્રસરાયેલ આકાશ સહજતાનું તેમ છે,
ગતિ આત્માની છે જેમ સહજતાનું તેમ છે. ૧૭

એવા અનુભવીનાં શાં દર્શન શક્તિનાં થતાં
-ભક્તિ જાગી નથી જેને, ઠેરનો ઠેર રહે તહાં. ૧૮

માનવાતીત શક્તિની પહેચાન, કૃપાથી ત્યાં
-કોઈકને થતી ત્યારે પ્રત્યક્ષ વર્તમાનમાં. ૧૯

પોતાના એકલાના તે નિમિત્ત પલવાટવવા,
શો અનુભવી સંપૂર્ણ શક્તિથી બળવાન ત્યાં !
કિંતુ જેમ થતું હોય સ્વાભાવિક રીતે બધું
-તેમ તેવું થવા દે છે તે અનુભવી સુતરું. ૨૦-૨૧

ઓછાવત્તા પ્રમાણે તો નિમિત્તમાં અનુભવી
-બીજાનાં જીવને સ્પર્શે, ચહે પ્રવેશવા ચહી, ૨૨

હૈયે આકર્ષી લેવાને અનુભવીની ચાલ છે,
કોઈ ને કોઈ રીતે તે નિમિત્તો તેવું વર્તશે. ૨૩

મળે નિમિત્ત તેને જે તેના તેવા પ્રકારથી
-પરોવાયેલ સંપૂર્ણ હોવા છતાં, અનુભવી
-પોતે અલિપ્ત શો પૂરો તેમાં રહ્યા કરી જીવે,
એની સાબિતી તો માત્ર શી અનુભવીને જ છે ! ૨૪-૨૫

સમગ્રતા શી નિમિત્તો અખંડાકાર હોય છે !
અખંડતા અને પાછી કેવી સળંગતાય છે !
પરસ્પરે ત્રાણે કેવાં નિમિત્તામાં ભળેલ છે,
તેથી અનુભવીને તે જોવા નિમિત્તામાં મળે. ૨૬-૨૭

સળંગાકાર ને પાછું અખંડાકાર જીવને
-સમગ્રતા ભરેલાથી કેવું નિમિત્ત સાંપડે ! ૨૮

કાદવે લપટાયેલો ભલે હોય અનુભવી,
બહારથી લાગતો એવો, શો અનુપમ દિલથી ! ૨૯

સારુંનરસું બન્નેયે નિમિત્ત જીવને મળે,
નકારે ના કશાને તે, સાચો અનુભવી જ તે. ૩૦

મૂળ પ્રકૃતિ નિમિત્તો ખડી કેવી થયેલી જે,
તે પ્રગટાવવા ઊર્ધ્વે સાધન શું નિમિત્ત છે ! ૩૧

નિમિત્તો કેવું તાદાત્મ્ય થતું અનુભવીનું જે
-એવા તાદાત્મ્યના ગુણધર્મે, તે એકરૂપ છે. ૩૨

તાદાત્મ્યમાં ભળેલો છે, સંપૂર્ણ રીતથી છતાં,
પોતે અનુભવી કેવો નોખો નિમિત્તમાં તદા. ૩૩

નિમિત્તની જરાકેયે લેવા દેવા ન જેહને,
છતાં નિમિત્તમાં કેવો તે ઓતપ્રોત હોય છે ! ૩૪

રૂપ તાદાત્મ્યનું કેવું પ્રત્યક્ષ જીવને થતું,
અનુભવી તદાકાર નિમિત્તો થાય વ્યક્ત શું ! ૩૫

નિમિત્તો ગુણ તાદાત્મ્ય જે અનુભવીમાં ઊગે,
તે નિમિત્તનું પ્રત્યક્ષ તેનામાં પરિણામ છે. ૩૬

શો અનુભવી નિમિત્તો તદ્રૂપ જે થયેલ છે !
તેનાથીયે અનોખો શો સાક્ષીરૂપ સ્વતંત્ર છે. ૩૭

જાણ્યામાં સર્વ આવેલાં નિમિત્ત બહુ રીતનાં,
કેટલાંયે અજાણ્યાં તો અપરંપાર છે બધાં. ૩૮

જાણ્યામાં સર્વ આવેલાં ગણ્યાં ગણી શકાય તે,
કેટલાંયે અજાણ્યાં જે સંખ્યાતીત અપાર છે. ૩૯

એવાં નિમિત્તની સાથે એકીપળે અનેકમાં,
સાક્ષી હોવા છતાં પોતે સંકળાયેલ તે વિશે. ૪૦

નિમિત્ત સાથ તો તેવો સદાકાળ પૂરેપૂરો,
થતો લાગે જ સંપૂર્ણ તાદાત્મ્યભાવ કારણે. ૪૧

નિમિત્ત જીવને એવાં અનેકાનેક હોય છે,
એકી સંગાથ સૌ સાથે પોતે કેવો રમેલ છે ! ૪૨

નિમિત્તની લીલા કેવી ગૂઢ ને સૂક્ષ્મ સૂક્ષ્મ છે,
તેવું નિમિત્ત વિજ્ઞાન કોણ પૂર્ણ કળી શકે ? ૪૩

એવાં નિમિત્તમાં પોતે અનેક સાથમાં હૃદે,
જુદી જુદી કળા રીતે સંકળાયેલ છે ખરે. ૪૪

જોડાયેલો પૂરેપૂરો નિમિત્તો તે અનેકમાં
-એકી સંગાથ, તોયે તે અસ્પૃષ્ટ છે ખરેખરો ! ૪૫

છે નિમિત્તની મર્યાદા, અનુભવી નિમિત્તમાં
-ઓળંગી જાય મર્યાદા, મર્યાદાતીત શો સદા ! ૪૬

જે જે અસ્તિત્વમાં તેની મર્યાદા ત્રિ-પ્રકારની,
કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ, મર્યાદા શી નિમિત્તની ! ૪૭

જીવને કારણાતીત પ્રત્યક્ષ શો અનુભવી !
તેથી નિમિત્તનીયે તે પાર પૂર્ણ શકે જઈ. ૪૮

કશી **એ**ને ન મર્યાદા ! મર્યાદાતીત તે જ છે,
શો આરપાર નિમિત્તો સોંસરવો જ નીકળે ! ૪૯

સૂક્ષ્મ સૂક્ષ્મ ભૂમિકાઓ નિમિત્તની શી ગૂઢ છે !
તેમાં પ્રવેશીને એને જાણવા શક્યતા ન છે. ૫૦

બંધાયેલાં નિમિત્તોથી, નિમિત્ત-હાર્દ-જ્ઞાનને
-કેમ જાણી શકે, ત્યાં શાં પ્રીછવા અસમર્થ છે ! ૫૧

નિમિત્તો કેવું પ્રારબ્ધ આપમેળે છતું થતું,
વિના અનુભવી કો તે કેમે કરી ન જાણતું. ૫૨

છોને અનુભવીને હો નિમિત્ત જીવને ભલે,
કિંતુ અનુભવી તેને પ્રેરણા **હરિ**ની ગણે. ૫૩

જે તે અનુભવીને તો **હરિ**નું માત્ર લાગતું,
નિમિત્ત પણ એને છે, **હરિ**નો અણસાર શો ! ૫૪

નિમિત્તથી ભલે થાય એનું દર્શન અંતરે,
કિંતુ તેમાં **હરિલીલા** શો અનુભવી પારખે ! ૫૫

કેવી છે **હરિ**ની માયા ગૂઢ, ગૂઢ, અકલ્પ્ય છે !
નિમિત્તનું રૂપે હૈયે શો અનુભવી પારખે ! ૫૬

નિમિત્તને ‘પ્રભુભાવ પ્રત્યક્ષ ચેતતો’ જુએ
-નિમિત્તથી, ઈશારો તે જાણે છે **હરિ**નો હૃદે. ૫૭

નિમિત્ત તણખો અગ્નિતણો તે ઈશનો સહી,
ના છે નિમિત્ત, નિમિત્ત તે અનુભવીને કદી. ૫૮

પ્રકૃતિ જે નિમિત્તો તે **અંગ** છે **હરિ**નું સહી,
**હરિભાવ** નિમિત્તો શો, અનુભવે અનુભવી ! ૫૯

બીજા કશાયને હૈયે **હરિ** વિના ગણે ન તે,
કેવો અનુભવીને તો જેમાં તેમાં **હરિ** જ છે ! ૬૦

પ્રકૃતિ જે નિમિત્તો તે **હરિ**નું પ્રતિબિંબ છે,
નર્તતો **હરિ** તો જ્યાં ત્યાં શો વિલસી રહેલ છે ! ૬૧

•

હરિ:ૐ

## અધ્યાય : ૧૧

# અનુભવીનું નિમિત્ત કર્મ

(અનુષ્ટુપ)

નિમિત્ત સ્પર્શ તો કેવો જ્યાં સંબંધ નિમિત્તનો !
વિના સંબંધ ક્યાંયે **તે** શકે ના વળગી કશું. ૧

કિંતુ અનુભવી સાથે સંકળાયેલ જે બધાં
-જીવનમાં નિમિત્તો, તે સાથે અનુભવીતણા
-જીવતાંજાગતાં હૈયે સંબંધ હોય જીવતાં,
પરિણામ જ પ્રત્યક્ષ સાંપડે કેવું આપમાં ! ૨-૩

નિમિત્ત સાથ એવાની સંકળાયેલ જે હશે,
સ્વીકારાત્મક ભૂમિકાવાળાં છો નવ હોય તે,
છતાં સંસ્કાર પેલાના બીજામાં તો પ્રવેશશે,
લાંબા ગાળાતણો એવો સંબંધ, **પ્રાણ** પ્રેરશે. ૪-૫

નિમિત્ત આપણું એવું અનુભવીની સાથ તે
-બંધાયેલું હશે, તેથી રચાતી ભૂમિકા જશે. ૬

નિમિત્તો સંકળાયેલા બીજા અનેક **જીવ** જે,
તેનામાં ભાવ પોતાનો રેડાતો આપમેળ છે. ૭

સહકાર પૂરેપૂરો જો તેવા સાથ હોય જે
-ચેતનાત્મક સંપૂર્ણ, કદી મિથ્યા ન જાય તે. ૮

નિમિત્તો સંકળાયેલું અનુભવીનું જીવને
-તેવાં બધાંની સંગાથે ખેલે શું નિજ જીવન ! ૯

બીજા સાથે રમે છો તે છતાં અંતર તેહને
-સર્વ નિમિત્તામાં એનો **हरिभाव** અખંડ છે. ૧૦

નિમિત્તો સંકળાયેલાં બીજા જે જે જનો હૃદે,
તે સૌમાં તે પ્રવેશીને નિમિત્ત કર્મ શો કરે ! ૧૧

નિમિત્ત જે મળ્યાં એવાં બીજાનાં સૂક્ષ્મ અંતરે,
શો અનુભવીનો સ્પર્શ ન્યાલ કેવો કરે હૃદે. ૧૨

નિમિત્ત કારણે જે કો હોય ચેતેલ જીવને,
તેને અનુભવી સ્પર્શ ન્યાલ કેવો કરે હૃદે. ૧૩

ઊંચું નિમિત્તાને લેવા મથે અનુભવી ઘણું,
નિમિત્ત ચસકે જ્યાં ના, પેલો પછી કરે જ શું ? ૧૪

છતાં અનુભવીનો જે સત્સંગ જીવને થતાં
-લાંબો ગાળો ટકે જો તે ભલું નિમિત્તનું તહાં. ૧૫

શી અભિમુખતા હૈયે તે ઉપસાવવાતણો
-શો અનુભવીનો ધર્મ ! નિમિત્તે ધર્મ તે ઊગે. ૧૬

નિમિત્તાથી ન લાગે છે વળગે છે કશું ન કૈં
-ભલે નિમિત્તામાં ખેલે, તે અનુભવીને હૃદે. ૧૭

નિમિત્તો વર્તવાના શા છે અનુભવીને હૃદે
-નિયમો, તેનું તેનામાં ધારાધોરણ કૈં ન છે. ૧૮

નિમિત્તોયે અનેકેયે સાથે તે ભળતો હૃદે,
તે તે નિમિત્તાને સ્પર્શ પોતે કેવો કર્યાં કરે ! ૧૯

નિમિત્ત સૂક્ષ્મ દેહે તે સંસ્કાર અંતરે ઊંડે,
અનુભવીતણા સ્પર્શે સૂહેજે ત્યાં પડતા રહે. ૨૦

પ્રાણ, બુદ્ધિ, *મને, ચિત્તે, અહંથી પ્રસરાય છે,
નિમિત્તો કેવું પ્રત્યક્ષ, આપમેળે જણાય તે. ૨૧

અનુભવી નિમિત્તો તે પ્રસરે **हरि**ભાવથી,
પ્રત્યેકના પ્રકારો છે, જુદા શા એક એકથી ! ૨૨

એવા નિમિત્ત સંસ્કાર ભાવપ્રદેશમાં ખરે,
ઉદય વર્તમાને શા દોરીને લઈ જાય તે ! ૨૩

અનુભવીની સાથેનું જે જે **જીવ**નું જીવને
-નિમિત્ત પ્રગટેલું છે, તે તે શા ન્યાલ થાય છે ! ૨૪

કિંતુ અનુભવી સાથે જે એકાકાર થાય છે,
એને નિમિત્તનો લાભ કલ્યાણકારી થાય છે. ૨૫

સ્પર્શ લગાડવા મેળે ઉદ્યત શો નિમિત્તાથી !
ત્યાંયે સભાન સંપૂર્ણ તે નિમિત્તો અનુભવી. ૨૬

●

---

* મનથી

હરિઃૐ

## અધ્યાય : ૧૨

# અનુભવીની નિમિત્ત પ્રક્રિયા

(અનુષ્ટુપ)

**કારણ**, **સૂક્ષ્મ** ને **સ્થૂળ** થકી નિમિત્તનું બધું
-જે તે અનુભવી પોતે તેમ તેનું શું વર્તવું !
કદીક **સૂક્ષ્મ**થી કામ, કદીક **સ્થૂળ**થી જ લે,
**કારણ**થી કદી તે લે, એના નિયમ કૈં ન છે. ૧-૨

સંસારીને જ નિમિત્ત માત્ર સ્થૂળ પ્રકારનું,
વધારે ને વધારે તે બંધાતો તે વિશે જતો. ૩

શ્રેયાર્થીનેય નિમિત્ત સ્થૂળ પ્રકારનું જ છે,
કિંતુ તે સ્થૂળથી કેવો સૂક્ષ્મે પ્રવેશવા ચહે ! ૪

પ્રવેશવાથી એને છે 'ભાવ' સાધન મુખ્ય તે,
ભાવ બઢાવવા તેથી અભ્યાસે રત નિત્ય તે. ૫

છે અનુભવીને સૂક્ષ્મ કારણનાં નિમિત્ત તે,
ચેતનાતત્ત્વનું મૂળ નિમિત્ત કેવું **કારણે** ! ૬

કેવા કેવા પ્રકારે તે નિમિત્ત તો ખડું થતું,
કોણ જાણી શકે **એ**ને ? એનું વિજ્ઞાન શું ઊંડું ! ૭

**કારણ**, **સૂક્ષ્મ** ને **સ્થૂળ** રીતે તે તે નિમિત્તમાં
-શકે ઊતરી શો પોતે માત્ર અનુભવી જ ત્યાં ! ૮

કારણ છે નિમિત્તો તો નિમિત્ત શું નિમિત્તનું !
-ત્રિપુટી એકમાં કેવી સૂક્ષ્મતાથી રહેલ શું ! ૯

આકાશતત્ત્વ છે માત્ર **કારણ**ના નિમિત્તમાં,
તેથી અનુભવી કેવો વિસ્તરે તે અનંતમાં ! ૧૦

આકાશ, તેજ ને વાયુ સૂક્ષ્મના તે નિમિત્તમાં,
છતાં ત્યાં જળ ને પૃથ્વી ગૌણરૂપે જ સૂક્ષ્મમાં. ૧૧

સ્થૂળમાં તો બધાં તત્ત્વો, જળ, પૃથ્વી વિશેષમાં
-સ્થૂળના તે નિમિત્તો શાં મહત્ત્વે જ પ્રવર્તતાં ! ૧૨

નિમિત્તો બુદ્ધિ જાગે છે, નિમિત્તો જ્ઞાન જાગતું,
ખુલ્લું થતું જતું સર્વ, નિમિત્તનો પ્રભાવ શું ! ૧૩

'નિમિત્ત કારણે જે તે વ્યક્ત થયા જતું બધું',
લાગું પડતું **આ** સત્ય સર્વને સરખું નર્યું. ૧૪

**કારણ** ભૂમિકાકેરું નિરાકાર નિમિત્ત જે,
અશક્યને કળાવાને, શું સૂક્ષ્માતીત **બીજ તે** ! ૧૫

શૂન્યાવકાશ ભૂમિકા શૂન્યાકાર અખંડ જે,
**જીવતાં, જીવતાં** શૂન્યે નીચે અવતરે પછે. ૧૬

શૂન્યમાંથી જ લાવેલું, શૂન્યે અનુભવેલ જે,
નિમિત્ત કારણે માત્ર મેળે વ્યક્ત થયા કરે. ૧૭

•

હરિ:ૐ

## અધ્યાય : ૧૩

# નિમિત્તમાત્ર

(અનુષ્ટુપ)

અનુભવીતણા કોઈ નિમિત્તો બંધનો ન છે,
'નિમિત્તમાત્ર' સંપૂર્ણ થૈ જતાં, મુક્ત થાય તે. ૧

જેમાં તેમાં મહાલે છે, કેવો અનુભવી સદા !
'નિમિત્તમાત્ર'નો **एને** અનુભવ થયેલ ત્યાં ! ૨

'નિમિત્તમાત્ર' એવો જે અનુભવી થયેલ છે,
તેમાં તેને ન કાંઈયે કશું બંધન હોય છે. ૩

રાગદ્વેષાદિથી મુક્ત પૂર્વગ્રહોથી મુક્ત જે,
ચેતનાભિમુખી જે છે મોખરે જ નિરંતરે,
જેમાં તેમાં બધાનામાં એકમાત્ર પ્રભુતણું
-ધ્યાન અખંડ જેને હો, તેવો 'નિમિત્તમાત્ર' છે. ૪-૫

ઓગળી જે ગયેલો છે, સંપૂર્ણ પ્રભુના પદે,
અખંડાકાર વૃત્તિ છે, જેની સર્વાંગયુક્ત જે. ૬

એકાકાર પૂરેપૂરો **हरि**રસે અખંડ છે,
તેવો જ એકલો પૂર્ણ યોગ્ય 'નિમિત્તમાત્ર' છે. ૭

નિમિત્તો દિલ નિર્મોહી નિષ્કામી પૂર્ણ જીવને,
એકલો માત્ર તેવો જ મુક્ત નિમિત્તાથી જીવે. ૮

પરોવાયેલું જેનું છે મન ભક્તિથી પાદ-પે,
સંપૂર્ણ મનથી ભક્ત થયેલો જાણજે હૃદે. ૯

અનાસક્તિથી સંપૂર્ણ જીવને પાંગરેલ ને
-નિષ્કામ જે થયેલો છે તેને કર્મ, નિમિત્ત છે. ૧૦

'નિમિત્તમાત્ર'નો અર્થ સ્પષ્ટમાં સ્પષ્ટ એ જ કે,
'શો હથિયાર પોતે છે, સંપૂર્ણ **हरि**નો હવે !' ૧૧

'નિમિત્તમાત્ર' સંપૂર્ણ થયેલાને ન બંધન,
ગીતામાં ગાયું, તે સ્પષ્ટ **आ** અર્થે થાય છે દિલ. ૧૨

'નિમિત્તમાત્ર' સંપૂર્ણ થયેલાને કશું ન છે,
સ્થળ, કાળ, ગુણદ્વંદ્વ એને એમાંનું કૈં ન છે.
સ્થળ, કાળ, ગુણદ્વંદ્વે દેખીતો તે વસેલ છે,
તે સૌથી ઊલટો એવો નિમિત્તે પર તેથી તે. ૧૩-૧૪

●

હરિ:ૐ

## અધ્યાય : ૧૪

# નિમિત્ત કૃપા

(અનુષ્ટુપ)

મને નિમિત્તનું કેવું પ્રદાન તો મળેલ છે !
નિમિત્ત ‘ભાવ’ હૈયામાં દૃઢાયો, તે કૃપા શી છે ! ૧

નિમિત્ત તે મને કેવી **હરિ**ની યાદગીરી છે !
**હરિલીલા**નું પ્રત્યક્ષ દર્શન છે નિમિત્ત તે. ૨

નિમિત્ત કારણે તીવ્ર જિજ્ઞાસા અગ્નિની સમી
-અંતરે ઊપજેલીથી વર્તાયું છે નિમિત્તથી. ૩

નિમિત્તને લીધે કેવું કેવું મથાયું જીવને !
આંતરિક બધાં યુદ્ધો લડવાનાં મળ્યાં મને. ૪

શાં લલચાવનારાંયે મળ્યાં નિમિત્ત જીવને !
હાર્યો કદીક, ને પાછો થયો ઊભો ખુમારીએ. ૫

-‘નિમિત્તમાત્ર’ સંપૂર્ણ **કારણ**ના સ્વરૂપનું
-નિમિત્ત, તે થવા કાજે અખંડાકાર ભાવનું
-ચેતનાની ભૂમિકામાં ચેતતું તે અગત્યનું,
ભાવનું, ભાવથી, ભાવે નિત્ય સેવન શું થયું ! ૬-૭

પ્રસાદી તે કૃપાની છે પારાવાર **હરિ**તણી,
ન્હાવાનું ભાવમાં પ્રાપ્ત થયું, સદ્‌ભાગ્ય શું વળી ! ૮

સાધનામાં થયેલો છે ઉપયોગ નિમિત્તનો
-જુદા જુદા તબક્કામાં, નિમિત્ત યોગ શો બન્યો ! ૯

વર્તમાન અને ભૂત નિમિત્તો તો વસેલ છે,
ભવિષ્ય થતું નિર્માણ જીવ્યે કેવું નિમિત્ત તે ! ૧૦

અનેકે એકથી કેવા પ્રસરે છે નિમિત્તથી !
સાબિતી તેની પ્રત્યક્ષ પોતાને શી થતી જતી ! ૧૧

શાં કેટકેટલાં સાથે સંબંધ, તે નિમિત્ત છે !
નિમિત્તો સંકળાતાંમાં વિસ્તાર શો થયા કરે ! ૧૨

તમારા દિલનું કોક તમારું જાણીને મને,
પોષજો ભાવથી એને યોગ્ય પ્રસાદ અર્પીને. ૧૩

'નિમિત્તો જો મળેલાં છો, પ્રવેશવા તમે મને
-તમારા દિલમાં દેજો' પ્રાર્થના તમને જ તે. ૧૪

હૈયે પ્રવેશવા કાજે સરળતા શી અર્પીને
-શો સહકાર સંપૂર્ણ આપ્યા કરો બધી રીતે !
તો જ નિમિત્તનું યોગ્ય કર્તવ્ય તે થયા જશે,
શો અવરોધ તો પોતે પોતાને તે કર્યા કરે ! ૧૫-૧૬

જ્ઞાનભક્તિથી સંપૂર્ણ હૈયે હૈયાતણો ઊંડો
-જે સહકાર દે તેવો નિમિત્ત કર્મ પ્રીછતો. ૧૭

અનુભવ થતાં થોડો ઘણો જે, જીવને જ છે,
તેના સામર્થ્યથી **આ**નું તારતમ્ય કઢાયું છે. ૧૮

જેવો તેવો છતાં મૂર્ખે પ્રયત્ન **આ** કરેલ છે,
-નિમિત્ત સમજાવાને યોગ્ય પાત્ર **પ્રભુ** જ છે. ૧૯

વિચારીને, વિચારીને મેં લખ્યું ના 'નિમિત્ત'ને,
એકધારું સપાટે તે લખાયા ગયું છે ખરે. ૨૦

લખાવ્યું જેમણે, સૌનો આભાર માનું શી રીતે ?
નિમિત્તે જે મળેલાં છે, પ્રાર્થના તેમને જ કે :
'મારું ખૂન ભૂલેચૂકે જો જો તે કરતાં રખે !
તમારા હિતને માટે લખ્યું **આ** પ્રાર્થીને હૃદે.' ૨૧-૨૨

'રખાતાં દિલ સદ્ભાવ હૃદયે ખેંચી લાવશો
-નિમિત્તે થયું કલ્યાણ.' નિશ્ચે તે દિલ જાણશો. ૨૩

કૃપાથી **આ** લખાયેલું ભાવે કરું સમર્પિત,
સમર્પણાંજલિ મારી શી **આ** યત્કિંચિત્ તે પદે ! ૨૪

મને 'નિમિત્ત'નું કેવું નિમિત્ત ઓચિંતું મળ્યું,
તેથી તે લખવાને તો પ્રેરાયો છું કૃપાથી હું. ૨૫

મારું **આ**માં ગજું ના છે, સાવ બોથડ માનવી,
નિમિત્તે સંકળાતાં શો થાય સમર્થ આપથી ! ૨૬

એમાં કૈં દોષ જે હોય મારા તે સર્વ જાણજો,
તત્ત્વે જો સારું કૈં હોય કૃપાનું તે પ્રમાણજો. ૨૭

પૂર્ણતાથી ભરેલો ના, હજી **આ** તો અધૂરું છે,
પૂર્ણ તે લખવા માત્ર પાત્ર **हरि** સમર્થ ત્યાં. ૨૮

બહુ રીતે અધૂરો તે શું લખી લખીને લખે ?
**આ** તે કલમમાં જોર લાવવું એવું ક્યાંથી તે ? ૨૯

નિમિત્ત જે મળ્યું તેમાં શ્રદ્ધા, વિશ્વાસ ધારીને,
એકસામટું કેવું **આ** સપાટે તે લખાયું છે ! ૩૦

વિચારવા નથી બેઠો જેમ જેવું જ આવ્યું છે,
તેમ ભરડી માર્યું છે, યોગ્યતા ક્યાંથી તે વિશે ? ૩૧

સુજ્ઞ વિવેકી સદ્‌ભાવે 'નિમિત્તને' સ્વીકારીને,
યોગ્ય યોગ્ય ગ્રહી લેશે કુસકી ફેંકી દે ભલે. ૩૨

ધૃષ્ટતા ના કરેલી છે, 'નિમિત્ત' લખવાપણે,
પ્રાપ્ત કર્તવ્ય આવેલું ગણીને શું લખેલ છે ! ૩૩

સજ્જનોને ઊંડા ભાવે દિલની પ્રાર્થના જ છે,
કે '**આ** નિમિત્ત'ને ભાવે વાંચજો દિલથી તમે. ૩૪

નિમિત્ત બિંદુ **આ** માત્ર, નિમિત્તે જે લખાયેલું,
નિમિત્ત ભાવથી **એ**ને સમર્પું જે નિમિત્તનું. ૩૫

'નિમિત્ત' લખવા પ્રેર્યો પ્રસાદી શી કૃપાની તે !
પ્રસાદ શો નિમિત્તે તે આપ્યો કેવો મને હૃદે ! ૩૬

ક્ષુલ્લક સાવ શો ક્ષુદ્ર ને અડબોથ સાવ જે !
નિમિત્તે દિલ પ્રેરાઈ લખ્યા ગયો 'નિમિત્ત'ને. ૩૭

નિમિત્તે બોધ પ્રેર્યો છે નિમિત્તનો હૃદે મને,
બાકી તો ઠાલીનો ઠાલી ખાલી ખાલી જ માત્ર તે. ૩૮

મહત્ત્વ કેટલું કેવું નિમિત્તાતણું જીવને !
વ્યક્તત્વ **આ** બતાવે છે, કરી સ્પષ્ટ બધું જ તે. ૩૯

સ્પષ્ટ દર્શન નિમિત્તો જેને થતું રહે હૃદે,
તેવો જ એકલો માત્ર, પ્રેરે ભાવ નિમિત્તાને. ૪૦

આવું જે સૂક્ષ્મ છે જ્ઞાન છતું તે કરવા બધું,
મારામાં યોગ્ય સામર્થ્ય છે ના પૂરેપૂરું કશું. ૪૧

એકડે એક **આ** માત્ર સાવ તે માત્ર મીંડું છે,
મીંડાને સમજે કો જે **આ**ને સમજશે હૃદે. ૪૨

યોગ્ય વ્યક્તત્વ કાજે તો પાત્ર **આ જીવ** ના કશો,
કૃપાકેરા નિમિત્તો શો વિદ્વાન મૂર્ખને કર્યો ! ૪૩

નિમિત્તો શી કળા કેવી **હરિ**ની વ્યક્ત થાય છે,
**આ** મૂર્ખ દાખલો શો છે, પ્રત્યક્ષ જીવતો છતે ! ૪૪

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:**દક્ષિણભારતનાકુંભકોણમ્‌માંકાવેરીનદીનેકિનારેહરિઃૐઆશ્રમનીસ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭


•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

હરિઃૐ

(અનુષ્ટુપ)

આપમેળે વિના માગ્યું મળે કર્મ, નિમિત્ત તે,
પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે આચરો ગણી યજ્ઞ જે.

'નિમિત્તે જો મળેલાં છો, પ્રવેશવા તમે મને
-તમારા દિલમાં દેજો' પ્રાર્થના તમને જ તે.

નિમિત્તમાં ટકો જેમ લાંબો ગાળો તમે હૃદે,
જાણવું ગાઢ નિમિત્ત, તેના સંસ્કાર ગાઢ છે.

પૂરનાં વ્હેણમાં જેમ લાકડું કો તણાય છે !
એવી રીતે જ સંસારી નિમિત્તથી તણાય છે.

-શ્રીમોટા

*'નિમિત્ત', ચોથી આ., પૃ. ૧, ૨, ૪, ૪૬*

કિંમત : રૂ. ૫/-